GJBT010019672023

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૧૧-૧૨-૨૦૨૩ | | |
| દાખલ તારીખ | ૧૧-૧૨-૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૦૬-૦૮-૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૭ | ૨૬ |

<u>નામદાર ગુજરાત હાઈકોર્ટ નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦-૫-૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ</u>-

<u>આંક</u>-

**-: <u>ફોર્મ - એ</u> :-**

**બોટાદ જીલ્લાની બીજી એડીશ્નલ સેશન્સ એન્ડ સ્પે.(પોકસો) કોર્ટ**
**મુ.બોટાદ, જી.બોટાદ**
**ડી.પી.પુરોહિત, બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા સ્પે.(પોકસો)જજ.**

**[ચુકાદાની તારીખઃ ૦૬/૦૮/૨૦૨૬]**

**[ <u>સ્પે.(પોકસો) કેસ નં.૪૩/૨૦૨૩</u>]**

**(<u>એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન</u>)**

બોટાદ રૂરલ પો.સ્ટે. ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૮૨૩૦૩૮૩ /૨૦૨૩

**ગુનોઃ- ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ-૧૧(૪), ૧૨ મુજબ**

પોલીસ સ્ટેશનઃ- બોટાદ રૂરલ પોલીસ સ્ટેશન, જી.બોટાદ

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી કે. એમ. મકવાણા. |
| આરોપી | ભાવેશભાઈ ઉર્ફે ગટ્ટી પ્રવિણભાઈ હેરંભા<br>ઉ.વ.આ. ૨૪, ધંધો - હિરાનો, રહે. રોહીશાળા પરા વિસ્તાર, તા.જી.બોટાદ. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.એમ.ચૌહાણ. |

## –: <u>ફોર્મ – બી</u> :–

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૦૭–૧૦–૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | તા.૧૦–૧૦–૨૦૨૩ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૧–૧૨–૨૦૨૩ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા.૩૦–૦૭–૨૦૨૪ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યાની તારીખ | તા.૦૭–૧૦–૨૦૨૪ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૦૬–૦૬–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૬–૦૮–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યા તારીખ, જો હોય તો | – |

## –: આરોપીની વિગત :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર | શું સજા કરી | સીઆર.પી.સી.નીકલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવેશભાઇ ઉર્ફે ગટ્ટી પ્રવિણભાઇ હેરંભા | તા.૧૦–૧૦–૨૦૨૩ | –– | ઇ.પી.કો. કલમ–૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ–૧૧(૪), ૧૨ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવ્યા. | –– | –– |

## –: <u>ફોર્મ – સી</u> :–

### <u>ફરિયાદપક્ષ / બચાવપક્ષ / અદાલતે તપાસેલા સાહેદોની યાદી</u>

**એ –** ફરિયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| ફરિયાદી તરફે સાહેદ નં. | સાહેદનુ નામ | સાહેદની કામગીરી | આંક |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૦૯ |

| | | | |
|---|---|---|---|
| ૨. | ભોગ બનનારના ભાઇ | ફરિયાદી | ૧૩ |
| ૩. | ભોગ બનનારની માતા | ભોગ બનનારની માતા | ૧૫ |
| ૪. | વનરાજભાઇ નાગજીભાઇ ચૌહાણ | તલાટી કમ મંત્રી | ૧૬ |
| ૫. | બુધાભાઇ બચુભાઇ રાઠોડ | પંચ સાહેદ (બનાવવાળી જગ્યાના પંચનામાના) | ૨૦ |
| ૬. | કલ્પેશભાઇ રાજુભાઇ ચૌહાણ | પંચ સાહેદ (આરોપી અટક પંચનામાના) | ૨૨ |
| ૭. | શૈરીન રમેશભાઇ ખરાડી | ત.ક.અધિકારી | ૨૪ |
| ૮. | દીલીપભાઇ જીવરાજભાઇ વઘાસીયા | પંચ સાહેદ (બનાવવાળી જગ્યાના પંચનામાના) | ૨૭ |
| ૯. | પ્રતીકભાઇ જીતુભાઇ લંગાળીયા | પંચ સાહેદ (આરોપી અટક પંચનામાના) | ૨૮ |
| ૧૦. | પ્રભુભાઇ રામજીભાઇ મેટાલીયા | પી.એસ.ઓ.અને ત.ક.અધિકારી | ૨૯ |

**બી –** આરોપી પક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો** |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદીઃ–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **ક્યા પ્રકારનો સાહેદ/ પુરાવો** |
|---|---|---|
| – | – | – |

## <u>ફરિયાદપક્ષ/આરોપીપક્ષ/અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર</u>

**એ –** ફરિયાદપક્ષ દ્રારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ફ. આંક–૧૦/ ફ.સા. ૧ | ભોગ બનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ મુજબનું નિવેદન |

| | | |
|---|---|---|
| ૨. | ફ. આંક–૧૪/ ફ.સા.૨ | ફરિયાદ |
| ૩. | ફ. આંક–૧૭/ ફ.સા. ૪ | ભોગ બનનારના જન્મની ખરાઇ અર્થે રોહીશાળા ગ્રામ પંચાયત કચેરીને કરેલ યાદી |
| ૪. | ફ. આંક–૧૮/ ફ.સા.૪ | ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૫. | ફ. આંક–૧૯/ ફ.સા.૪ | રોહીશાળા ગ્રામ પંચાયત કચેરીના જન્મ રજીસ્ટરની ખરી નકલ |
| ૬. | ફ. આંક–૨૧/ ફ.સા.૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૭. | ફ. આંક–૨૩/ ફ.સા.૬ | આરોપીનું અટક પંચનામું |
| ૮. | ફ. આંક–૨૫/ ફ.સા.૭ | આરોપીની અટક બદલ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલી યાદી |
| ૯. | ફ. આંક–૩૦/ ફ.સા.૧૦ | તપાસ સંભાળવા બાબતની યાદી |
| ૧૦. | ફ. આંક–૩૧/ ફ.સા.૧૦ | સુચિપત્ર |
| ૧૧. | ફ. આંક–૩૨/ ફ.સા.૧૦ | ભોગ બનનારનું સી.આર.પી.સી.કલમ–૧૬૪ નું નિવેદન લેવા હુકમ કરવા બાબતની યાદી |
| ૧૨. | ફ. આંક–૩૩/ ફ.સા.૧૦ | સી.આર.પી.સી.કલમ–૧૬૪ ના નિવેદનની નકલ મળવા બાબતની યાદી |

**બી –** બચાવપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલત દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | – |

ડી – મુદ્દામાલ :–

| **અનુક્રમ નંબર** | **મુદ્દામાલ નંબર** | **વર્ણન** |
|---|---|---|
| | | – |
| – | – | – |

## –: ચુ કા દો :–

**પ્રસ્તાવના:–**

**૧.** આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા જાતિય ગુનાઓથી બાળકોની સુરક્ષા અધિનિયમ(હવે પછી જેને ચુકાદામાં પોક્સો એક્ટ તરીકે ઓળખીશું)ની કલમ–૧૧(૪), ૧૨ અન્વયે બોટાદ રૂરલ પો.સ્ટે. ગુના રજીસ્ટ્રેશન નં. ૧૧૧૯૦૦૦૮૨૩૦૩૮૩/૨૦૨૩ થી દાખલ કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ સ્ત્રી અત્યાચાર વિરુધ્ધના ગુનાનો આક્ષેપ હોય નામદાર સર્વોચ્ચ અદાલતના **નિપુન સકશેના વિ. યુનિયન ઓફ ઈન્ડીયા ૨૦૧૯ (૨) એસ.એસ.સી. ૭૦૩ તથા 2023(0) AIJEL-SC-72600, SUPREME COURT OF INDIA, State of Rajasthan Versus Gautam S/o Mohanlal** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાત મુજબ ભોગ બનનાર કે તેના પરીવારના સભ્યોની ઓળખ છતી ના થાય તે હેતુથી આ ચુકાદામાં તેનો ભોગ બનનાર તરીકે ઉલ્લેખ કરવામાં આવેલો છે અને પક્ષકારોના ધર્મ, જાતિનો પણ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

**ફરિયાદની ટુંકમાં હકીકત :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, ફરિયાદી ગઇ તા. ૦૭–૧૦–૨૦૨૩ ના રોજ ભાવનગર ખાતે હાજર હતા તે વખતે દિવસના આશરે બે એક વાગ્યે તેના ફોન પર તેના મમ્મીનો ફોન આવેલ અને જણાવેલ કે, ભોગ બનનાર (જન્મ તારીખ ૧૨–૧૧–૨૦૦૫)ની આપડી શેરીમાં રહેતો ભાવેશભાઇ પ્રવિણભાઇ હેડમ્ભાનાઓએ આજરોજ દિવસના અગિયાર વાગ્યે છેડતી કરેલ છે તેમ જણાવતા તેઓ ભાવનગર ખાતેથી નીકળી તેમના

ગામ રોહીશાળા ખાતે ચારેક વાગ્યે આવેલ અને તેની ભોગ બનનાર બહેનને પુછતા તેણે જણાવેલ કે, આજરોજ હું તથા મમ્મી ઘરેથી આશરે સાડા નવેક વાગ્યે નીકળી આપડા ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નં. ૪ ખાતે ગયેલ અને આંગણવાડી પહોંચી ત્યાં રોકાયેલ અને ત્યારબાદ ગામમાં છોકરાઓને બોલાવવા નીકળેલ તે વખતે સિકોતર માતાજીના મઢ નજીક અગિયારેક વાગ્યે પહોંચતા મારી પાછળ પાછળ આપડા ગામના ભાવેશભાઇ પ્રવિણભાઇ હેડમ્ભાનાઓ મારો પીછો કરતા હતા અને મારી સામે અભદ્ર ઈશારો કરી મને જણાવેલ કે ઓલી સાંકડી શેરીમાં ચાલ તેમ કહી મારી છેડતી કરી મારી પાછળ પાછળ આવતો હતો જેથી હુ તરત જ પરત આંગણવાડીએ જતી રહેલ અને ત્યાં જઈ આ બનાવ બાબતે મે મમ્મીને જાણ કરેલ. આમ, ભોગબનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં આરોપીએ ભોગ બનનાર આંગણવાડી કેન્દ્ર નં. ૪ ખાતેથી ગામમાં છોકરાઓને બોલાવવા નીકળેલ તે વખતે સતત પીછો કરી, અભદ્ર ઈશારો કરી, ઓલી સાંકડી શેરીમાં ચાલ તેમ કહી છેડતી કર્યા અંગે આરોપી વિરુધ્ધ કાયદેસરની તપાસ થવા હાલની ફરિયાદ આપેલ છે.

**<u>પોલીસ તપાસ તથા ચાર્જશીટ રજુ થતાં કરેલ કાર્યવાહી:-</u>**

**૩.૧** ઉપર મુજબની ફરિયાદ હકીકત જાહેર થતા બોટાદ રૂરલ પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નં.૧૧૧૯૦૦૦૮૨૩૦૩૮૩/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ-૧૧(૪),૧૨ મુજબનો ગુનો દાખલ કરી સી.આર.પી.સી.ની કલમ-૧૫૭ મુજબનો રીપોર્ટ જાહેર કરી આગળની તપાસ ત.ક.અમલદારને સોંપવામાં આવેલી. ત્યારબાદ, ત.ક.અમલદારે ગુનાની હકીકતથી વાકેફ થઈ ગુનાવાળી જગ્યાનું પંચનામું નિયમ મુજબ કરી તમામ કાર્યવાહી કરી આરોપી મળી આવતા આરોપીને તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ અટક કરી મુદત અંદર કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ. ત્યારબાદ આ કામે જરુરી પંચનામા કરી લાગતાવળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો હોય તપાસના અંતે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ-૧૧(૪), ૧૨ મુજબ

મુજબના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં તા.૧૧/૧૨/૨૦૨૩ ના રોજ મોકલી આપવામાં આવેલ.

**૩.૨** ઉપર મુજબનું ચાર્જશીટ રજુ થતા તે અત્રેની કોર્ટમાં સ્પે. (પોકસો) કેસ નં.૪૩/૨૦૨૩ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ. આ કામના આરોપીને અત્રેની અદાલતમાં રજુ થતા આરોપી તર્ફે વિ.વકીલશ્રી એમ.એમ.ચૌહાણ હાજર થયેલા. સરકાર પક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા હાજર થયેલા. ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે આંક-૬ ની લીસ્ટથી કુલ-૧૧ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>પ્લી ચાર્જની તથા પુરાવા રજુ કરવાની કાર્યવાહી:-</u>**

**૪.૧** વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા તથા આરોપી તર્ફેના વિ.વકીલશ્રી એમ.એમ.ચૌહાણની ચાર્જ બાબતેની દલીલો સાંભળવામાં આવેલી અને આરોપી વિરુધ્ધ પ્રથમદર્શનીય રીતે ચાર્જ ઘડી શકાય તેવો પુરાવો જણાઈ આવતા આરોપી વિરુધ્ધ આંક-૦૭ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી સમજાવતા આરોપીએ ગુનાની હકીકતનો ઈન્કાર કરી તે લગત આરોપીનું આંક-૦૮ થી નિવેદન નોંધી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

સદરહું કેસનું રેકર્ડ જોતા તેમજ પોલીસ તપાસના કાગળો જોતાં ઇ.પી.કો. કલમ-૩૬૩, ૩૬૬ મુજબની કલમ ચાર્જશીટમાં જણાવેલ ન હોય પરંતુ, શરતચૂકથી આરોપી વિરૂધ્ધ ફરમાવેલ આંક-૦૭ વાળા તહોમતનામામાં લખાયેલ છે.

**૪.૨** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પોતાનો કેસ સાબીત કરવા માટે ઉપર ફોર્મ " સી "માં જણાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. આ કામમાં તપાસવામાં આવેલ સાહેદોને ચાર્જશીટમાં જે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે તે પ્રમાણે નહી પરંતુ અદાલતમાં જે ક્રમ મુજબ તપાસવામાં આવેલ છે તે અનુક્રમ નંબરથી દર્શાવવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે પુરાવો પૂર્ણ થતા વિ.એ.પી.પી.શ્રીએ આંક-૩૪ થી પુરાવા બંધની પુરસીસ આપેલી છે.

**<u>આરોપીનું વિશેષ નિવેદન:–</u>**

**૫.** ફરિયાદ પક્ષનો પુરાવા પુરો થયા બાદ સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓ સામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનો વિગતવાર ઈન્કાર તથા ખોટી હકીકતો તથા ખોટા પુરાવાઓ હોવાનું જણાવી, તેઓને સોગંદ પર પુરાવો આપવો નથી કે સાહેદો તપાસવા નથી તેવું જાહેર કરી, વિશેષમાં જણાવેલ છે કે, "અમો તદ્દન નિર્દોષ માણસ છીએ, અમો સાથે ભોગ બનનારના પિતાને રાગદ્વેષ ચાલતો હોય ખોટી રીતે ફરિયાદ ઉભી કરવામાં આવેલ છે. આ કામે ત.ક.અધિકારીએ તેની ઉલટ પ્રમાણે ભોગ બનનારનું નિવેદન મહિલા કોન્સ્ટેબલની હાજરી વગર લીધેલ જે કાયદાની જોગવાઇ વિરૂધ્ધ હોય તથા ફરિયાદ સમયે ભોગ બનનાર ન હોય તેમ છતાં ફરિયાદી તેને બનાવેલ ન હોય માનવાને કારણ નથી અમોએ કોઇ ગુન્હો કરેલ નથી. ''

**<u>દલીલો :–</u>**

**૬.** ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી.

**૬.૧** ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ ભારપૂર્વક જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ આંક–૭ થી આક્ષેપીત ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવી છે. ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે ફરિયાદી કે જેઓ ભોગ બનનારના ભાઇ છે તેમની જુબાની જોવામાં આવી છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કર્યું છે. આ સાહેદે બનાવ નજરે જોયેલો નથી પરંતુ તેઓને તેમની માતાએ ફોન કરીને બનાવની જાણ કરેલી કે, આપણી બાજુમાં એક ઘરમાં ભાવેશ રહે છે તેણે તારી બેન ભોગ બનનાર બાળમંદીરના છોકરા બોલાવા જતી હતી ત્યારે સાકડી શેરીમાં છેડતી કરેલી છે. જેથી આરોપી વિરુધ્ધ નામજોગ ફરિયાદ આપી છે. સાહેદ નં.૧ તરીકે ભોગ બનનારની જુબાની લેવામાં આવી છે. તેણીએ ધોરણ–૧૦ સુધીના અભ્યાસ કરેલો છે. તેણીની

જન્મ તારીખ તા.૧૨/૧૧/૨૦૦૫ ની છે. આમ, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની છે. ભોગ બનનારની જુબાની જોવામાં આવે તો બનાવ તા. ૦૭.૧૦.૨૦૨૩ના રોજ બનેલો છે તે વખતે તેણી આંગણવાડી ખાતે ૧૧:૦૦–૩૦ વાગ્યે છોકરાઓને બોલાવવા માટે તેમના વાસમાં આવડ મંદીર બાજુ જતી હતી તયારે શીકોતરમાના મઢ પાસે પહોંચેલી ત્યારે આરોપી તેણીની પાછળ પાછળ આવેલો અને કહેલુ કે સાંકડી શેરીમાં આવ. ત્યારબાદ એક કલાક બાદ આરોપી આંગણવાડી ખાતે આવેલો અને તેણીની માતાને ધમકી આપેલી અને કહેલ કે તમારાથી થાય તે કરી લેજો. ભોગ બનનારનું વિ.જયુડી.મેજીસ્ટ્રેટ રુબરુનું ક્રિ.પ્રો.કો.ક.૧૬૪ મુજબનું વિશેષ નિવેદન આંક–૧૦ થી રજુ કર્યુ છે. બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની છે જેથી આરોપી સામે આક્ષેપીત ગુનો પ્રસ્થાપિત થાય છે. ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે તલાટી કમ મંત્રી વનરાજભાઈ નાગજીભાઈ ચોહાણને સાહેદ નં. ૪ તરીકે તપાસવામાં આવ્યા છે. જેઓએ જુબાનીમાં જણાવ્યા મુજબ તેમની ગ્રામ પંચાયતના નોંધણી રજીસ્ટરમાં ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૨/૧૧/૨૦૦૫ ની છે. આ જન્મ તારીખને લક્ષમાં લેવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની છે. ફરિયાદ પક્ષના સાહેદ નં.૫ તથા ૯ પંચ સાહેદો ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા નથી. આરોપી અટકના કર્યાના પંચનામાના પંચ સાહેદ નં. ૬ તથા બનાવવાળી જગ્યાના પંચ સાહેદ નં. ૮ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરે છે. ત.ક.અમલદારે જરુરી અને યોગ્ય તપાસ કર્યાબાદ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કર્યું છે. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં સફળ રહેલ હોવાનું જણાવી આરોપીને કસૂરવાર ઠરાવવા વિનંતી કરેલ છે.

**૬.૨** બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી એમ.એમ.ચૌહાણ દ્વારા બચાવ રજુ કરેલ છે કે, ફરિયાદપક્ષ તેમના સાહેદોના પુરાવાથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરિયાદપક્ષ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ભોગ બનનાર તેની ઉલટ તપાસમાં જણાવે છે કે, બનાવવાળી જગ્યાએ રસ્તામાં લોકોની અવર જવર હોય છે. બનાવવાળ

સ્થળેથી આંગણવાડી જતા ૧૦ મીનીટ થાય રસ્તામાં ૧૦–૧૫ મકાનો આવે છે અને છેક સુધી મકાનો આવેલા છે. તેણીએ આ બનાવ સ્થળેથી આંગણવાડી જતા સુધી કોઈ બાળકોને લીધેલા ન હતા. આમ જો તેણીની છેડતી કરેલ હોય તો લોકો ત્યાં આવી શકતા હતા. ભોગ બનનારે કોઈ બુમાબુમ કરેલ નથી. વધુમાં, ફરિયાદીએ આપેલ પોતાની ફરિયાદ, ભોગબનનારનું નિવેદન અને તમામ સાહેદોએ પોતાના પોલીસ રૂબરૂ આપેલ નિવેદનો સામે આ કામે અદાલત રૂબરૂ સોગંદ ઉપર ફરિયાદી, ભોગબનનાર કે અન્ય કોઈ ફરિયાદપક્ષના મહત્વના સાહેદોના પુરાવામાં વિરોધાભાસ જણાઈ આવે છે. જેથી સમગ્રપણે કોઈ સાહેદો ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ રાખતાં નથી. આમ, સમગ્ર હકીકતે વિદ્વાન વકીલશ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપીને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૭. આ કેસના ન્યાયીક નિરાકરણ અર્થે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.(૧)** શું ફરિયાદ પક્ષ નિ.શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે આ કામના ભોગ બનનાર સગીર વયની(બાળક) હતી?

**મુદ્દા નં.(૨)** શું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, ગઈ તા. ૦૭–૧૦–૨૦૨૩ ના રોજ આ કામના ફરિયાદીની સગીર બહેન (જન્મ તારીખ ૧૨–૧૧–૨૦૦૫) જે આ કામના ભોગબનનાર છે તેણીને સગીર હોવાનું જાણવા છતાં આ કામના આરોપીએ ભોગ બનનાર આંગણવાડી કેન્દ્ર નં. ૪ ખાતેથી ગામમાં છોકરાઓને બોલાવવા નીકળેલ તે વખતે સતત પીછો કરી, અભદ્ર ઈશારો કરી, ઓલી સાંકડી શેરીમાં ચાલ તેમ કહી છેડતી કરી, ઈ.પી.કો. કલમ–૩૫૪એ(૧)

(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ–૧૧(૪), ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**મુદ્દા નં.(૩)** શું હુકમ?

૮. ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ :– હકારમાં.

મુદ્દા નં.૨ :– નકારમાં.

મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.

## – પુરાવાનું મુલ્યાંકન, ચર્ચા અને કારણો –

૯. આ કામે ફરિયાદપક્ષે જે કાંઇ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો કેસની હકીકતોને પુરવાર કરવા સારૂ રજુ કરેલ છે તે સૌપ્રથમ જોવાનો રહે છે. જે નીચે મુજબ છે.

**ભોગબનનારનો પુરાવોઃ–**

**૧૦.** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧ ભોગબનનારને આંક–૦૯ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેણીએ પોતાની જુબાની જણાવેલ છે કે, બનાવ તા.૦૭.૧૦.૨૦૨૩ના રોજ બનેલો. તે વખતે મારા માતા આંગણવાડી નોકરી કરતા હોય હું આંગણવાડીમાં ખાતે ૧૧:૦૦–૩૦ વાગ્યે છોકરાઓને બોલાવવા માટે અમારા વાસમાં આવડ મંદીર બાજુ જતી હતી ત્યારે શીકોતરમા ના મઢ પાસે પહોચેલી ત્યારે ગટ્ટી જેનુ નામ ભાવેશ છે તેનુ આખુ નામ ભાવેશભાઇ પ્રવીણભાઇ હેરંભા છે તે પાછળ પાછળ આવેલો અને કહેલુ કે સાકડી શેરીમા આવ અને ત્યાથી હું મારા ઘરે જતી રહેલી અને મારા માતાને ઘરે જઇને વાત કરેલી જેથી મારા માતાએ ગામમા મારા કાકાને ફોન કરેલો અને તેથી મારા કાકાએ આરોપીને ફોન કરતા આરોપીએ જણાવેલ કે હું ગામમાં ન હતો. ત્યારબાદ એક કલાક બાદ તે આંગણવાડી ખાતે આવેલો અને મારા માતાને ધમકી આપેલી અને કહેલ કે તમારાથી થાય તે કરી લેજો. આ બનાવની ફરિયાદ મારા ભાઇએ આપેલી. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી. મારી જન્મ તારીખ ૧૨.૧૧.૨૦૦૫ની છે. મારે બે ભાઇઓ

છે. હું ધોરણ–૧૦ સુધી ભણેલી છું. મારા પિતા કઇ કામ કાજ કરતા નથી. મારા માતા પરા વિસ્તાર કેન્દ્ર નં.૪ની આંગણવાડીમાં ૧૦ વરસથી નોકરી કરે છે. પોલીસે મને બનાવ સ્થળ અંગે પુછપરછ કરતા મે બનાવવાળી જગ્યા પોલીસને બતાવેલી. આરોપીએ આ અગાઉ મારા પિતાને માર મારેલ છે અને અમારા ઘરે રાત્રે આવીને ઠેકડો મારેલો. બે દિવસ પહેલા પણ સમાધાન માટે મારા પિતાને ધમકી આપેલી. અગાઉ પણ આરોપી વિરુધ્ધ બોટાદ રુરલ પો.સ્ટે ખાતે ગયા વરસે અરજી કરેલી. ભોગ બનનારને સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનુ નિવેદન બતાવતા તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે આ કામે આંક–૧૦ થી રજુ રાખેલ છે. ભોગ બનનાર આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૦.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, હું મારા માતા વતી આંગણવાડીમા બાળકોને લેવા જવા માટે જતી હોઉ તે અંગેનો કોઇ નિમણુંક પત્ર મને મળેલ નથી. ભોગબનનાર જણાવે છે કે, હું મારા માતા વતી કામ કરવા જાવ છું. આંગણવાડીનો સમય સવારે ૯:૩૦ થી ૦૩:૩૦ સુધીનો હોય છે. એ વાત ખરી નથી કે, મારે બાળકોને લેવા જવા માટે ૯:૩૦ પહેલા જાવુ પડે. ભોગબનનર જણાવે છે કે, તે દિવસે શનિવાર હોય આંગણવાડીનો સમય ૧૧:૦૦ વાગ્યાનો હતો અને અમારે ૯:૩૦ થી ૩:૩૦ સુધી આંગણવાડીમા રહેવાનુ હતુ જયારે બાળકોને સવારે ૧૦:૩૦ થી ૨:૦૦ સુધીનો સમય હતો. એ વાત ખરી નથી કે, આંગણવાડીમા બાળકોને આવવાનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ હોય છે. હું મોબાઇલ રાખતી નથી પણ મારા માતા રાખે છે. એ વાત ખરી છે કે, સ્ત્રીઓની રક્ષા માટે સરકાર દ્વારા ૧૮૧ નંબર રાખવામા આવેલ છે. એ ખરી છે કે, બનાવના દિવસે મારા માતાએ ૧૮૧મા ફોન કરેલો જે મારા કહેવાથી કરેલો. એ વાત ખરી નથી કે, ૧૮૧ મા ફોન કર્યા બાદ પોલીસની ગાડી તરત જ આવે છે જેમા મહિલા કોન્સટેબલ હોય છે. આ નંબર પર ફોન કરતા પોલીસે કહેલ કે પી.સી.આર. વાન જોઇતી હોય તો મોકલાવીએ, આવુ કોણે કહેલ તે મને ખબર નથી. ત્યારબાદ પી.સી.આર. વાન આવેલી. આ વાન ૫:૩૦ પછી આવેલી. મે ૧૮૧મા ૨:૦૦–૩૦ વાગ્યે ફોન કરેલો. આ સમય દરમ્યાન મારા માતાએ મારા ભાઇને ફોન કરતા તે ભાવનગર થી આવેલો.

મારો ભાઇ ભાવનગર થી આવેલ તે દરમ્યાન અમોએ ૧૮૧મા ફોન કરેલ ન હતો. મે પી.સી.આર. વાનમા અરજી આપેલી જે અરજી મે આપેલી જે મૌખીક આપેલી. પોલીસે આ મૌખીક અરજી લખેલી પરંતુ મારી સહી લીધેલ નથી અને કીધેલુ કે સવારે આવજો જેથી અમો સવારે ગયેલા. પોલીસે તે દિવસે અમારી ફકત અરજી લીધેલી અને ૧૦ તારીખે ફરિયાદ લીધેલી. એવુ બનેલ નથી કે, તા.૯ ના રોજ ફરિયાદ લેવામા આવેલી હોય. અમો તા.૯.૧૦.૨૦૨૩ના રોજ મારા ભાઈ તથા ફોઈ સાથે પો.સ્ટે ગયા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મે મારી પોલીસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, 'મારા માતાએ ગામમા મારા કાકાને ફોન કરેલો' એ વાત ખરી નથી કે, મે મારી પોલીસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે,'એક કલાક બાદ તે આંગણવાડી ખાતે આવેલો અને મારા માતાને ધમકી આપેલી અને કહેલ કે તમારાથી થાય તે કરી લેજો.' એ વાત ખરી છે કે, મે મારી પોલીસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે,'આરોપીએ આ અગાઉ મારા પિતાને માર મારેલ છે અને અમારા ઘરે રાત્રે આવીને ઠેકડો મારેલો. બે દિવસ પહેલા પણ સમાધાન માટે મારા પિતાને ધમકી આપેલી.' બનાવ સમયે મારા પિતા કોઈ કામ ધંધો કરતા ન હતા. એ વાત ખરી છે કે, અગાઉ મારા પિતા દારુ વેચતા હતા જે અંગે તેઓની સામે કેસ થયેલા. એ વાતની મને ખબર નથી કે, તે કેસોમા આરોપી બાતમી દાર તરીકે હતો તેવુ મારા ભાઈએ જણાવેલુ. એ વાત ખરી નથી કે, આરોપી મારા પિતા વિરુધ્ધ બાતમી દેતો હતો જેથી અગાઉ ખોટી અરજીઓ કરેલી અને હાલની ખોટી ફરિયાદ કરેલી છે. બનાવ સમયે  મારા માતા આંગણવાડીમા હતા. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ નિવેદનમા એવુ લખાવેલ કે, મારા માતા પડી જવાને કારણે પગ ભાંગી જતા ઓપરેશન કરાવેલ અને તે કારણે તે ઘરે હતા. એ વાત ખરી નથી કે, આંગણવાડમા બાળકોને સરકાર તરફથી ખાવાની વસ્તુઓ પેકીંગમા આપવામા આવે છે. એ વાત ખરી છે કે, તેમા ઘણી બધી વસ્તુઓ હોય છે જેમ કે સુખડી, ચણા, પૈઆ વિગેરે જે બાળકોની તથા લાભાર્થીઓને આપવાની હોય છે. એ વાત ખરી નથી કે, આ વસ્તુઓ અમો લાભાર્થીને દેતા ન હોય જેથી આરોપીએ પ્રતિષ્ઠીત વ્યકિત અને જાગૃત નાગરીક તરીકે અરજી કરવાનુ જણાવેલ જેથી મારા ભાઈએ

હાલની ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, હું જે જગ્યાએથી જાઉ છુ તે જગ્યાએ રસ્તામા લોકોની અવર જવર હોય છે. ભોગબનનાર જણાવે છે કે, તે દિવસે શેરીમા કોઇ ન હતુ. બનાવ વાળા સ્થળે થી આંગણવાડી જતા ૧૦ મીનીટ થાય રસ્તામા ૧૦–૧૫ મકાનો આવે છે અને છેક સુધી મકાનો આવેલા છે. મે આ બનાવ સ્થળે થી આગંણવાડી જતા સુધી કોઇ બાળકોને લીધેલા ન હતા. એ વાત ખરી નથી કે, આવો કોઇ બનાવ બનેલ ન હોય બનાવના દિવસે હું બનાવ વાળા સ્થળેથી બાળકો લેવા ગયેલ ન હોય જેથી મારી સાથે કોઇ બાળકો ન હતા. પોલીસ બનાવના બીજા દીવસે આવેલી. હુ પોલીસને બનાવ સ્થળ બતાવવા ગઇ ત્યારે મારા કાકા, મારો ભાઇ તથા ફોઇ તથા પડોશી આવેલા અને પોલીસે ત્યા પંચનામુ કરેલુ. એ વાત ખરી છે કે, રોહીશાળામા પોલીસ ચોકી આવેલી છે. એ વાત ખરી નથી કે, આ ચોકી પર જમાદાર હોય છે. એ વાત ખરી છે કે, આરોપીને ઘણા વરસોથી ઓળખુ છું. ભોગબનના જણાવે છે કે, અમારે ત્યા આવતો હતો અને અમારા ઘરે રહેતો હતો. એ વાત ખરી છે કે, આરોપી અમારા ઘરનુ બધુ કામ કાજ કરતો હતો અને ત્યારબાદ અમારા ઘરે થી જતો રહેલો. ભોગબનનાર જણાવે છે કે, તે અમારા ઘરની બાજુ મા રહેતો હતો. એ વાત ખરી છે કે, અમારી સાથે ઝઘડો થતા તેણે અમારા ઘરે આવવાનુ બંધ કરેલુ. એ વાત ખરી છે કે, ત્યારબાદ આ ફરીયાદો થયેલી. એ વાત ખરી નથી કે, આવો કોઇ બનાવ બનેલ નથી પંરતુ આરોપી સાથે જુનો રાગદ્વેશ હોય ખોટી અરજીઓ તથા મારા ભાઇએ હાલની ખોટી ફરિયાદ કરેલ છે અને તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છું.

**<u>ફરિયાદીનો પુરાવોઃ–</u>**

**૧૧.** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ફરિયાદીને આંક–૧૩ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, અમો એક બેન અને બે ભાઇ છીએ જેમા સૌથી મોટો હું છું. મારા થી નાના મારા બેન ભોગબનનાર છે. બનાવ સમયે તેણીની ઉમર ૧૭ વરસ અને ૧૦ મહિના હતી. તેણીની જન્મતારીખ ૧૨.૧૧.૨૦૦૫ છે. તેનાથી નાનો મારો ભાઇ છે. મારા પિતા માનસીક રીતે અસ્વસ્થ છે. બનાવ સમયે મારા માતાનો પગ ભાંગી ગયેલ હતો. બનાવ સમયે મારા માતા આંગણવાડીમા નોકરી કરતા હતા. મારા માતા બનાવના સાત આઠ વરસ થી નોકરી કરે છે. બનાવ આશરે

બે વરસ પહેલા બનેલો. તે વખતે હું ભાવનગર હતો. મને બપોરના બે વાગ્યે મારા માતાનો ફોન આવેલો અને જણાવેલ કે, આપણી બાજુમાં એક ઘરમા ભાવેશ રહે છે તેણે તારી બેન ભોગબનનાર બાળમંદીરના છોકરા બોલાવા જતી હતી ત્યારે સાકડી શેરીમા છેડતી કરેલી. ત્યારબાદ હું ભાવનગરથી ગામે આવેલો. તે વખતે મારા માતા, દાદી, મારો નાનો ભાઇ, મારા પિતા અને ભોગબનનાર મારા ઘરે હાજર હતા. તે વખતે મને મારા માતાએ બનાવની જાણ કરેલ. મને મારા ભોગબનનાર બેને પોલીસ સ્ટેશને ગયા ત્યારે જણાવેલ કે, ભાવેશ પ્રવીણભાઇ હેરંભાએ આપડા ગામની સાકડી શેરીમા સાડા નવ વાગ્યે મળેલો ત્યારે છેડતી કરેલી અને અપશબ્દો બોલેલો. હું ઘરે આવ્યો પછી પોલીસની ગાડી બોલાવેલી અને અમોએ આ બાબત બોટાદ રુરલ પો.સ્ટેમા આરોપી સામે ફરિયાદ દાખલ કરેલી જે ફરિયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી ઓળખી બતાવુ છું જે આ કામે આંક–૧૪ થી રજુ રાખેલ છે. ફરિયાદ સાથે મે મારી બેનનો જન્મતારીખનો દાખલો અને આધારકાર્ડ આપેલુ. ફરિયાદી આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૧.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, હું સાત ધોરણ ભણેલો છું. બનાવ સમયે હું ભાવનગર રહેતો હતો. હાલ હું ભાવનગર ખાતે રહુ છું. ભોગબનનાર રો... મુકામે રહે છે. એ વાત ખરી છે કે, મને ફોન થી બોલાવવામા આવેલા તે વખતે મને ક્યા મોબાઇલ નંબર થી મારા ક્યા નંબર પર ફોન આવેલ તે લખાવેલ નથી. એ વાત ખરી છે કે, રો... ગામે પોલીસ ચોકી આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવ તા.૦૭.૧૦.૨૦૨૩ના રોજ બનેલો છે અને ફરિયાદ તા.૦૯.૧૦.૨૦૨૩ના રોજ કરવામા આવેલી. એ વાત ખરી છે કે, ફરિયાદી બે દિવસ મોડી આપેલ છે. એ વાત ખરી છે કે, હું ભાવનગર ખાતે હતો ત્યાથી મે ૧૦૦, ૧૧૨, ૧૮૧ નંબર માથી ફોન કરેલ નહી. ફરિયાદી જણાવે છે કે, ઘરે આવ્યા બાદ કરેલો. એ વાત ખરી છે કે, મે ઘરે આવ્યા બાદ ફોન કર્યાની જે હકીકત જણાવુ છું તે ફરિયાદમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે મારા માતાને પગે ઓપરેશન કરેલ હતુ. એ વાત ખરી નથી કે, તેઓને પગે પ્લાસ્ટરનો પાટો બાંધેલ હતો. ફરિયાદી જણાવે છે કે, ૧૪ ઓપરેશન કરેલ હતા. એ વાત ખરી નથી કે, તેઓ ચાલી શકતા ન હતા. એ વાત ખરી

નથી કે, બનાવ સમયે મારા માતા ઘરે હતા. એ વાત ખરી નથી કે, મે મારી ફરિયાદમા એવી હકીકત લખાવેલ છે કે, બનાવ સમયે મારા માતા ઘરે હતા. એ વાત ખરી છે કે, બનાવ મે રુબરુ જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવની હકીકત વિશે મારા માતાએ મને વાત કરેલી. હું પોલીસ ફરિયાદ આપવા ગયો ત્યારે મારા ફુઈ અને મારા મામી સાથે હતા. એ વાત ખરી નથી કે, અમો ઘરે થી નક્કી કરીને ગયેલા કે ભાવેશ પર ફરિયાદ કરવી છે. એ વાત ખરી છે કે, આ બનાવની અમો ત્રણેયે પોલીસને વાત કરેલી. એ વાત ખરી છે કે, પોલીસે અમારુ નામ, સરનામુ પુછીને સહી લીધેલી. બનાવ બાદ મારે પોલીસને બે વખત મળવાનુ થયેલુ. એ વાત ખરી છે કે, મારા માતા આંગણવાડીમા નોકરી કરે છે. તેઓને આંગણવાડી એ જવાનો સમય સવારે સાડા આઠ થી નવ અને પાછા આવવાનો સમય બપોરના સાડા ત્રણનો હોય છે. એ વાત ખરી છે કે, ભોગબનનાર આંગણવાડીમા નોકરી કરતા નથી. એ વાત ખરી નથી કે, મારા માતા આંગણવાડીમા નિયમીત હાજર રહેતા ન હોય જે બાબતની કોઇ અજાણ્યા વ્યકિતએ માતા વિરુધ્ધ અરજી કરેલ હોય જે બાબતની અમોને ભાવેશ પર શંકા હોય જેથી ભાવેશ સાથે અમોને ઝઘડા ચાલતા હોય. એ વાત ખરી છે કે, 'હું ઘરે આવ્યો અને પછી ગાડી બોલાવેલી' તેવી હકીકત મારી ફરિયાદમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે, આંગણવાડી જાહેર સ્થળ છે અને ત્યા ઘણા બધા લોકો આવતા હોય છે. એ વાત ખરી નથી કે, જે બજારની વાત કરી તે જાહેર જગ્યા છે. એ વાત ખરી નથી કે, આવો કોઇ બનાવ બનેલ ન હોય ફોનમા વાતચીત કરેલ ન હોય જેથી ફરિયાદમા કોઇ મોબાઇલ નંબર લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, હું મારા બેનના સમર્થનમા ખોટી જુબાની આપુ છું.

**<u>ભોગ બનનારની માતાનો પુરાવોઃ-</u>**

૧૨. ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ ભોગ બનનારની માતાને આંક-૧૫ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, મારે સંતાનમા બે દિકરા અને એક દિકરી છે. જેમા ભોગબનનારની જન્મતારીખ ૧૨.૧૧ છે જન્મનુ વરસ યાદ નથી. બનાવ સમયે ભોગબનનારની ઉમર ૧૭ વરસની હતી. તે સમયે ભોગબનનાર ઘરકામ કરતી હતી અને આંગણવાડીમા છોકરા લેવા મુકવાનુ કામ કરતી હતી. હું બનાવ સમયે આંગણવાડી કેન્દ્ર

નં.૪ ખાતે નોકરી કરતી હતી અને તે સમયે મારો પગ ભાંગી ગયેલ હોય હું ઘરે હતી જેથી મારી ભોગબનનાર દિકરી આંગણવાડીમા બાળકોને લેવા મુકવા માટે જતી હતી. બનાવ આશરે બે વરસ પહેલા બનેલો. બનાવના દિવસે મારી ભોગબનનાર દિકરી બાળકોને સવારે ૧૧–૧૧:૩૦ વાગ્યે બાળકોને લેવા માટે કુંભાર શેરી ખાતે ગઈ હતી. તે વખતે આ કામના આરોપી ભાવેશભાઈએ ભોગબનનારની છેડતી કરેલી જે બનાવની જાણ મને ભોગબનનારે ઘરે આવીને કરેલી. ભોગબનનારે આવીને મને જણાવેલ કે, ભાવેશે તેણીને કહેલ કે તુ સાકડી શેરી પાસે આવજે મારે તારુ કામ છે. જે બાબતે મે ગામમા વાત કરેલી જેથી તેઓએ મને કહેલ કે આરોપી ગામમાં નથી. ત્યારબાદ મે આરોપીના માસી તથા મોટીબાને બોલાવેલા અને આ બનાવ વિશે જાણ કરેલી. ત્યારબાદ ભાવેશભાઈ અમારા આંગણવાડી કેન્દ્ર ખાતે બપોરે એકાદ વાગ્યે આવેલા અને તે વખતે તેણે મને કહેલ કે, થાય તે કરી લેજે. આ બનાવ બાબતે મે મારા છોકરાને ભાવનગર ખાતે જાણ કરેલી. ફરિયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીએ અગાઉ પણ ચારેક વખત આવુ કરેલુ જે મે જતુ કરેલુ અને મારા પતિ માનસીક અસ્થીર છે. આ બનાવની ફરિયાદ મારા દિકરાએ આપેલી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલી. આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૨.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, હું સાત ધોરણ ભણેલી છું પરંતુ મને વાંચતા લખતા આવડતુ નથી. હું આંગણવાડી ખાતે ૧૩ વરસથી નોકરી કરુ છું. મારે આંગણવાડીમા જવા આવવાનો સમય સવારે ૯ થી ૩નો હોય છે. મારે આંગણવાડીમા રસોઈ બનાવવાની તેમજ બાળકોને લેવા મુકવા જવાનુ કામ હોય છે. એ વાત ખરી છે કે, બાળકોને જમાડવાનુ કામ મારા પર હોય છે. બાળકોને જમાડવાનો સમય સવારે ૧૧:૩૦, ૧૨:૩૦ અને ૧:૩૦ નો હોય છે. એ વાત ખરી નથી કે, બનાવ સમયે હું ઘરે હતી. એ વાત ખરી છે કે, ભોગબનનાર આંગણવાડીમા નોકરી કરતી નથી. એ વાત ખરી છે કે, મારે પગમા ફ્રેક્ચર થયેલ હોય જેથી હું બેડ રેસ્ટ હતી હાલી ચાલી શકતી ન હતી. એ વાત ખરી છે કે, મને હાલમા પણ પગની તકલીફ છે. એ વાત ખરી છે કે, આ બનાવ મે નજરે જોયેલો નથી. ભોગબનનારની હાલમા ઉમર ૨૧ વરસ

છે. મારે આ બનાવ બાદ પોલીસને બે વાર મળવાનુ થયેલુ. એ વાત ખરી નથી કે, મારા ઘરના સભ્યો તથા સગાવાલાઓએ ભેગા મળીને આરોપી વિરુધ્ધ ફરિયાદ આપવાનુ નક્કી કરેલુ. એ વાત ખરી છે કે, અમો ઘરના સભ્યો ભેગા મળીને ફરિયાદ કરવા ગયેલા. હું ફરિયાદ કરવા સાથે ગયેલ નહી. મારા ઘરના સભ્યો બોટાદ ફરિયાદ કરવા ગયેલા. એ વાત ખરી છે કે, અમારા ગામથી બોટાદ પો.સ્ટે ૨૦–૨૫ કીમી દુર આવેલુ છે. એ વાતની મને ખબર નથી કે, આ ફરિયાદ બનાવના ત્રણ દિવસ બાદ આપેલી. એ વાત ખરી છે કે, રો... ગામે પોલીસ ચોકી આવેલી છે. સાહેદ જણાવે છે કે, ત્યા કોઇ હોતુ નથી. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, 'ત્યારબાદ મે આરોપીના માસી તથા મોટીબાને બોલાવેલા અને આ બનાવ વિશે જાણ કરેલી તેમજ ત્યારબાદ ભાવેશભાઇ અમારા આંગણવાડી કેન્દ્ર ખાતે બપોરે એકાદ વાગ્યે આવેલા અને તે વખતે તેણે મને કહેલ કે, થાય તે કરી લેજે.' એ વાત ખરી નથી કે, આરોપીએ અમો આંગણવાડીમા ભેળસેળ કરતા હોય જે બાબતે અમારા વિરુધ્ધ અરજી કરેલી છે જેથી તે બાબતનો ખોટો રાગદ્વેશ રાખી ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, ભોગબનનાર બનાવ સમયે મારી જગ્યાએ આંગણવાડીમા નોકરી કરતી હતી.

**<u>તલાટી કમ મંત્રીનો પુરાવોઃ–</u>**

૧૩. ફરિયાદપક્ષે **સાહેદ નં.૪ વનરાજભાઇ નાગજીભાઇ ચૌહાણને આંક–૧૬ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, હું તા.૦૧.૧૧.૨૦૨૨ થી આજદિન સુધી રોહીશાળા ગ્રામ પંચાયત કચેરી ખાતે ત.ક.મંત્રી તરીકે મારી ફરજ બજાવુ છું. મારે મારી ફરજના ભાગ રુપે અમારી ગ્રામ પંચાયત વિસ્તારમાં જન્મ નોંધણીની કામગીરી પણ કરવાની રહેતી હોય છે. આજરોજ હું નામદાર અદાલતના સમન્સના આધારે જુબાની માટે હાજર થયેલ છું. હું આજરોજ સને.૨૦૦૫ના વરસનુ રોહીશાળા ગ્રામપંચાયતનુ જન્મ નોંધણી રજીસ્ટર સાથે લાવેલ છું જે અનુસાર ભોગબનનારની જન્મ તારીખ ૧૨.૧૧.૨૦૦૫ના રોજની છે. ભોગબનનારની જન્મતારીખની નોંધ નોંધ નંબર ૯૨ થી તા.૧૨.૧૧.૨૦૦૫ના રોજ કરવામા

આવેલી. આ નોંધ કરાવવામા માટે ભોગ બનનારના પિતા આવેલ હતા. મને પોલીસ યાદી બતાવવામા આવે છે જે મને સંબોધીને બોટાદ રુરલ પો.સ્ટેના પો.ઈન્સશ્રી દ્વારા ભોગબનનારના જન્મની ખરાઇ અર્થે કરવામાં આવેલી તે જ છે જેમા સ્વીકાર્યા બદલની મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે આ કામે આંક–૧૭ થી રજુ રાખેલ છે. જે યાદી મને મળ્યા બાદ સદરહું યાદીના આધારે મે ભોગબનનારના જન્મની નોંધ મારી પંચાયત કચેરીમા થયેલ છે જે અન્વયે ભોગબનાનારના જન્મનુ પ્રમાણપત્ર આપેલુ જે મારા હસ્તાક્ષરમા છે અને તેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે આ કામે આંક–૧૮ થી રજુ રાખેલ છે. આજરોજ અમારી કચેરીના જન્મમરણ રજીસ્ટર સને.૨૦૦૫ના વરસના ઉતારાની ખરી નકલ મારી સાથે લાવેલ છું જે રજીસ્ટરંમા નોંધ–૯૨ મુજબ ભોગબનનારની જન્મ તારીખ ૧૨.૧૧.૨૦૦૫ દર્શાવવામા આવેલી છે જે જન્મમરણ રજીસ્ટરની ખરીનકલ નામ.અદાલત સમક્ષ આંક–૧૯ થી રજુ રાખેલ છે.

**૧૩.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ભોગબનનારની જન્મની નોંધ કરાવવામા આવેલ તે સમયે હુ આ જગ્યાએ ફરજ બજાવતો ન હતો. એ વાત ખરી છે કે, આજરોજ રેકર્ડ આધારે જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, જન્મનોંધ ક્યા દસ્તાવેજના આધારે થયેલી તે કહી શકુ નહી. એ વાત ખરી છે કે, આ જન્મની નોંધ કરવામા આવી તે સમયે આ જન્મનોંધ ક્યા દસ્તાવેજના આધારે કરવામા આવેલી તેવા કોઇ દસ્તાવેજ મારી સાથે લાવેલ નથી. એ વાત ખરી છે કે, ભોગબનનારની જન્મની નોંધ કેટલા વરસ પછી કરવામા આવેલી તે હું કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, કોઇ બાળકના જન્મની નોંધ જો તેનો જન્મ દવાખાને થયેલ હોય તો યાદીના આધારે નોંધ કરવામા આવે છે. એ વાત ખરી છે કે, ઘણી વખત જન્મની નોંધણી કરાવવા માટે મોડા પણ આવતા હોય છે. એ વાત ખરી છે કે, ઘરે જન્મ થયો હોય તો તેનુ રેકર્ડ કે આધાર પુરાવા ન હોય. એ હું ચોકકસ કહુ શકુ નહી કે, ગામડાના લોકો જન્મની નોંધ કરાવા માટે જાગૃત ન હોય. એ વાત ખરી છે કે, બાળકનો જન્મ નોધંણીના દિવસે જ થયો હોય તેવી કોઇ જાત ખરાઇ મે કરેલી નહી.

<u>પંચસાહેદોનો પુરાવોઃ-</u>

**૧૪.** ફરિયાદપક્ષે **સાહેદ નં.૦૫ પંચ બુધાભાઈ બચુભાઈ રાઠોડને આંક-૨૦ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, હું આશરે બે વરસ પહેલા કુંભાર શેરી રોહીશાળા ખાતે પંચનામુ કરવા ગયેલો. આ પંચનામુ શેનુ હતુ તેની મને ખબર નથી. તેમજ ભોગ બનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી. આ પંચનામુ કરવા મને શેટી નામના વ્યકિતએ બોલાવેલો. મને બનાવવાળી જગ્યાનું પંચનામું બતાવવામા આવે છે જેમા પંચ નં.૧ તરીકે મારી સહી છે તે ઓળખી બતાવુ છું. જે આ કામે આંક-૨૧ થી રજુ રાખેલછે.

**૧૪.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સહી સિવાય બીજી હકીકત જાણતો નથી.

**૧૫.** ફરિયાદપક્ષે **સાહેદ નં. ૬ પંચ કલ્પેશભાઈ રાજુભાઈ ચૌહાણને આંક-૨૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, સને. ૨૦૨૩મા બોટાદ પોલીસે અમોને પો.સ્ટે બોલાવેલા અને તે વખતે મારા ભાઈબંધની બેનના કોઈએ ચાળા લીધા હતા તે બાબતે સહી કરવાની હતી જેથી મને સહી કરવા બોલાવેલા. આ સહી કરી તે વખતે પો.સ્ટેમા હું, મારો મિત્ર પ્રતીક અને છોકરીનો ભાઈ હાજર હતો તથા આરોપી ભાવેશ પણ પો.સ્ટે હાજર હતો. તે વખતે આરોપીના માથામા વાગેલાનુ નિશાન હતુ, તેના હાથમા નામ લખેલુ હતુ અને તેણે ચેક્ષવાળો શર્ટ પહેરેલ હતો આ આરોપીનુ નામ પુછતા તેણે તેનુ નામ ભાવેશભાઈ પ્રવીણભાઈ જણાવેલ હતુ. કયા હાથમા નામ લખેલ હતુ તે હાલ યાદ નથી પરંતુ અંગ્રેજીમા તેનુ પોતાનુ નામ લખેલ હતુ. પોલીસે આ આરોપીને અમારી રુબરુ અટક કરેલ હતો. આ અંગેના પંચનામાનુ લખાણ અમારી હાજરીમાં કરવામા આવેલુ જે પંચનામામાં પંચ-૧ તરીકે મારી સહી છે તથા પંચ-૨ તરીકે પ્રતીકભાઈની સહી છે જે ઓળખી બતાવુ છું. જે આ કામે આંક-૨૩ થી રજુ રાખેલ છે. સદરહું પંચ સાહેદ આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૫.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, હું ધો.૧૦ સુધી ભણેલો છું. ભોગબનનારના ભાઈનુ નામ

મી.. હતુ. એ વાત ખરી છે કે, હું તેઓના કહેવાથી તેમની સાથે પંચનામામા ગયેલો હતો અને મી... એ મને ફોન કરી બોલાવેલો. એ વાત ખરી છે કે, ભોગબનનારના ભાઈ મી.. મારા મિત્ર છે. એ વાત ખરી છે કે, તેઓના માથામા વાગેલ હતુ તે જુનુ વાગેલુ હતુ. હું આ અગાઉ પંચમા રહેલ નહી. એ વાત ખરી છે કે, મને પંચનામુ લખાવતા ન આવડે જેથી પોલીસે જે લખાણ કરેલ તેમા મે સહી કરેલી. હવે જણાવુ છું કે, પોલીસે મને વંચાવેલ. એ વાત ખરી છે કે, હું પો.સ્ટે ગયો ત્યારે પોલીસ અને ભોગબનનારના ભાઈ મી.. હાજર હતા તેઓએ પંચનામુ તૈયાર કરેલુ હતુ અને મે તેમા સહી કરેલી. એ વાત ખરી છે કે, મારી રુબરુમા કોઈ આરોપીની અટક કરવામા આવેલ નથી.

૧૬. ફરિયાદપક્ષે **સાહેદ નં. ૦૮ પંચ દીલીપભાઇ જીવરાજભાઇ વધાસીયાને આંક–૨૭ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, હું આશરે બે વરસ પહેલા કુંભાર શેરી રોહીશાળા ખાતે પંચનામુ કરવા ગયેલો. આ પંચનામુ કરવા મને પોલીસે બોલાવેલા હતા. જે જગ્યાએ બનાવ બનેલ હતો તે કેસ દીકરી બાબતનો કેસ હતો.ભોગ બનનાર અને આરોપી દલીત જ્ઞાતીના હતા.આ જગ્યાની આજુબાજુ રહેણાંકના મકાન તથા દવાખાનુ તથા ચોક આવેલો છે અને તેમજ પ્રજાપતી જ્ઞાતીના મકાનો આવલ છે. જે જગ્યાએ બનાવ બનેલ તેનુ પંચનામુ કરવામાં આવેલ. મને આંક–૨૧ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચ નં.ર તરીકે મારી સહી છે તે ઓળખી બતાવુ છું.

**૧૬.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, આ અગાઉ મે પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે પંચનામુ કઈ રીતે લખાવવુ તેનો અનુભવ નથી.એ વાત ખરી છે કે હુ બોલતો હોવ અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી છે કે પોલીસના તૈયાર પંચનામામા મે સહી કરેલી. એ વાત ખરી નથી કે ફરિયાદી અને આરોપીના નામની મને ખબર નથી.હવે જણાવુ છુ કે મને નામની ખબર નથી.

૧૭. ફરિયાદપક્ષે **સાહેદ નં. ૯ પંચ પ્રતિકભાઇ જીતુભાઇ લંગાળીયાને આંક–૨૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. જેઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આશરે બે વર્ષ પહેલા બોટાદ પોલીસે અમોને પો.સ્ટે બોલાવેલા અને તે વખતે મારી સાથે કલ્પેશભાઇ

ચૌહાણ હતા.તે વખતે હુ પોલીસ સ્ટેશને ગયેલો હતો ત્યા પોલીસે મારી પંચનામા સહી લીધેલી તે સીવાય કઇ જાણતો નથી. તેમજ તેઓની હાજરીમાં આ કામના આરોપીની પોલીસે અટક કરી શરીરસ્થિતિનું પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી. આરોપી ભાવેશભાઇ અમારા ગામના હોય તે રીતે ઓળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર છે. આ અંગેના પંચનામાનુ લખાણ અમારી હાજરીમાં કરવામા આવેલુ જે પંચનામુ આ કામે આંક–૨૩ થી રજુ છે જેમા પંચ–૧ તરીકે મારી સહી છે તથા પંચ–૨ તરીકે કલ્પેશભાઇની સહી છે જે ઓળખી બતાવુ છું.

**૧૭.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, પોલીસ મને બોલાવવા આવેલ નથી.એ વાત ખરી છે કે પોલીસે તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. એ વાત ખરી છે કે તે જગ્યાએ પોલીસ સીવાય બીજુ કોઇ હાજર ન હતુ.

**<u>ત.ક.અધિકારીનો પુરાવોઃ–</u>**

૧૮. ફરિયાદપક્ષે **સાહેદ નં.૭ શૈરીન રમેશભાઇ ખરાડીને આંક–૨૪ થી** સોગંદ ઉપર તપાસતાં તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, સને. ૨૦૨૩ના અરસામા હું બોટાદ ટાઉન પો.સ્ટે ખાતે પી.આઈ. તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે બોટાદ રુરલ પો.ઈન્સ પી.આર.મેટાલીયા સાહેબ રજા પર જતા તેઓનો ચાર્જ મારી પાસે હતો જેથી આ ગુનાની તપાસ મને મળેલી. તપાસ સાથે સાહેદોના નિવેદન, ફરિયાદ, ભોગબનનારના જન્મનો દાખલો મળેલો. મારી તપાસ દરમ્યાન આ કામના આરોપી ભાવેશ ઉર્ફે ગટ્ટી પ્રવીણભાઈ હેરંભા મળી આવેલ હોય તેને અટક પંચનામાની રુએ કરેલો તેમજ બનાવ સમયે પહેરેલ કપડા કબજે લીધેલા જે પંચનામુ આ કામે આંક–૨૩ થી રજુ છે જેમા મારી તથા પંચોની સહી છે જે ઓળખી બતાવુ છું. આરોપીની અટક બદલ સ્ટે.ડામા નોંધ કરવા યાદી કરેલી જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છું જે આ કામે આંક–૨૫ થી રજુ રાખેલ છે. સદરહું ત.ક.અ. આરોપીને અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

**૧૮.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, આંક–૨૩ના પંચનામાના પંચો અગાઉ કોઈ પંચનામામા રહેલા નહી અને હું તેઓને જાતે ઓળખતો ન હતો. આ પંચોને અમારા

પોલીસ સ્ટાફ દ્વારા બોલાવેલા. એ વાત ખરી છે કે, આંક–૨૩ના પંચનામામા કયા પોલીસ સ્ટાફ દ્વારા પંચોને બોલાવેલા તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી ચેમ્બરમા કોઈ લેપટોપ નથી કે કોઈ પ્રીન્ટર નથી. એ વાત ખરી નથી કે, પંચનામુ મારા રાઈટર દ્વારા તૈયાર કરવામા આવેલુ અને મને પાછળથી આપતા મે સહી કરેલી. એ વાત ખરી નથી કે, મારી રુબરુ કોઈ આરોપીને અટક કરેલ નથી કે તે બાબતનુ કોઈ પંચનામુ પંચો રુબરુ મે કરેલ નથી.

૧૯. ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૦ પી.એસ.ઓ. અને ત.ક.અધિકારી પ્રભુભાઇ રામજીભાઇ મેટાલીયાને આંક–૨૯ થી** સોગંદ ઉપર તપાસતાં તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા.૧૦.૧૦.૨૦૨૩ ના અરસામા હું બોટાદ રુરલ પો.સ્ટેમા પી.આઇ તરીકે મારી ફરજ પર હાજર હતો ત્યારે આ કામના ફરિયાદી મારી સમક્ષ આવેલા અને ભોગબનનારને આરોપી ઈસમ ભાવેશભાઇ પ્રવીણભાઇ હેરમભા છેડતી કરેલ હોય તેની ફરિયાદ હકીકત અમો રુબરુ જાહેર કરતા તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. જે ફરિયાદ આ કામે આંક–૧૪ થી રજુ છે. ફરિયાદીએ ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર ફરિયાદ સાથે રજુ કરેલુ જે આ કામે આંક–૧૮ થી રજુ છે. સદરહુ ફરિયાદ મુજબનો ગુનો પી.આઇ તરીકે મે જાતે દાખલ કરેલો અને આ કામની તપાસ પણ અમોએ જાતે જ સંભાળેલી. જે તપાસ હુકમમાં મારી સહી છે જે આ કામે આંક–૩૦ થી રજુ રાખેલ છે. આ કામે ગુનાનુ સુચીપત્ર તૈયાર કરેલુ જેમા મારી સહી છે જે આ કામે આંક–૩૧ થી રજુ રાખેલ છે. આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તથા આ કામે બનાવવાળી જગ્યાનુ બે પંચોની હાજરીમાં પંચોએ લખાવ્યા મુજબ અમારી રૂબરૂમાં પંચનામુ કરવામાં આવેલ મને આંક–૨૧ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા રૂબરૂ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ બાદ આ કામે ભોગબનનારનુ સી.આર.પી.સી.–૧૬૪નુ નિવેદન લેવા હુકમ કરવા યાદી કરેલ જેમા મારી સહી છે જે આ કામે આંક–૩૨ થી રજુ રાખેલ છે. બાદ સી.આર.પી.સી.–૧૬૪ના નિવેદનની નકલ મળવા યાદી કરેલ જેમાં મારી સહી છે જે આ કામે આંક–૩૩ થી રજુ રાખેલ છે. અમો દિન–૨ ની રજા પર જતા આગળ ની તપાસ બોટાદ ટાઉન પી.આઇ

એસ.આર.ખરાડીને સોપેલ.તપાસ કરનાર અધિકારી જણાવે છે કે મારા સ્ટાફના માણસો આરોપી ભાવેશ ઉર્ફે ગટીને અટક કરવા ગયેલ ત્યારે કેફીપીણુ પીધેલી હાલતમાં મળી આવતા બોટાદ.પોસ્ટ ગુન્હા નં ૩૮૪/૨૩થી પ્રોહિ.એકટ કલમ૬૬(૧)(બી)મુજબ નો ગુન્હો પણ દાખલ કરેલો.

**૧૯.૧** બચાવપક્ષે સાહેદની ઉલટ તપાસ લીધેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ ત્રણ દિવસ મોડી હતી. એ વાત ખરી કે, એફ.આઇ.આર માં કોલમ નં–૮ માં મોડી ફરિયાદ આપવાનુ કારણ લખવાનુ હોય છે.જે આ કેસની એફ.આઇ.આર જોતા જણાવેલ નથી.એ વાત ખરી છે કે, ફરિયાદ કરવા આવ્યા ત્યારે ભોગબનનારનો ભાઇ તથા ફઇબા સાથે આવેલ હતા.એ વાત ખરી નથી કે, તે વખતે ભોગબનનાર સાથે આવેલ ન હતા.ભોગબનનારનુ નિવેદન સૌપ્રથમ લીધેલુ.એ વાત ખરી છે કે, કોઇપણ પ્રકારના ગુન્હાનુ પંચનામુ કરતા સમયે તેમા ફરજીયાત ટાઇમ લખવાનો હોય છે.એ વાત ખરી નથી કે, પંચનામામાં સમય લખેલ નથી.ફરિયાદીએ ૦૦.૧૦ વાગ્યે ફરિયાદ આપેલી જે લખતા આશરે પોણો કલાક થયેલ અને ત્યારબાદ ભોગબનનારનુ નિવેદન લેતા અડધો કલાક થયેલ જેથી દોઢ વાગ્યા સુધીમાં ફરિયાદ તથા નિવેદનો લીધેલા.હુ ૧.૩૦ વાગ્યે પંચનામુ કરવા પો.સ્ટેથી નીકળ્યો હતો. એ વાત ખરી છે કે, બનાવવાળા સ્થળની આજુબાજુ રહેણાકી મકાન આવેલ છે.પરંતુ તેઓના નિવેદનો લીધેલ નથી.એ વાત ખરી છે કે,ભોગબનનાર આગણવાડીએ ગયેલા હોય તે મુજબનો કોઇ પુરાવો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના ફરિયાદી,ભોગબનાનાર કે તેની માતા અગાઉ કોઇ ફરિયાદ કરેલ હોય તેવુ મારી તપાસમાં ખુલવા પામેલ નહિ.એ વાત ખરી છે કે, ભોગબનનારના માતા આગણવાડીમાં નોકરી કરતા હોય તેવો કોઇ આધાર પુરાવા રજુ રાખેલ નથી તેમજ તેઓ નોકરી કરે છે તે અંગે કોઇ તપાસ કરેલ નહિ.એ વાત ખરી નથી કે, ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની કોઇ અંગત ખરાઇ કરાવેલ નહિ.એ વાત ખરી છે કે, હુ પંચાયત ગયેલો હોવા છતા મે તલાટીના નિવેદન લીધેલા નહિ તથા જન્મ રજીસ્ટર કોઇ ઉતારા તપાસના કામે લીધેલા નહિ.એ વાત ખરી છે કે, મે મારી તપાસ કામે કોઇ સ્કુલ લીવીંગ સર્ટી મેળવેલ નહિ.એ

વાત ખરી છે કે, ભોગબનનાર સિવાય કોઈ અન્ય બહેન છે કે નહિ તેની મે તપાસ કરેલ નહિ સાહેદ જણાવે છે કે ભોગબનનાર એક જ સ્રી સંતાન હતા.એ વાત ખરી છે કે, મે મારી તપાસ દરમિયાન સ્વતંત્ર સાહેદો ના નિવેદન લીધેલા નહિ.એ વાત ખરી નથી કે, સી.આર.પી.સી–૧૬૪નુ નિવેદન લેતા અગાઉ ભોગબનનારને મે પોલીસ સ્ટેશન બોલાવેલા.એ વાત ખરી છે કે,૧૮ વરસની નાની વ્યકિત પાસે બાળ મજુરી કરવાવી તે ગુન્હો બને છે તેમા ફરિયાદી ન હોય તો પોલીસ ફરિયાદી બની શકે છે.એ વાત ખરી નથી કે, કહેવાતો કોઈ બનાવ બનેલ ન હોય ફરિયાદીને આરોપી સાથે અગંત રાગ–દેશ ચાલતો હોય જેને લઈને ખોટી ફરિયાદ કરેલ.એ વાત ખરી છે કે, આ કામે આરોપીની અટક મે કરેલ નથી.એ વાત ખરી નથી કે, મે આરોપીને અટક કરવા માટે કોઈને મોકલેલા નથી. હુ તારીખ ૧૧/૧૦/૨૦૨૩ થી ૧૨/૧૦/૨૦૨૩ ના રોજ રજામાં ગયેલો. આરોપીની અટક કયારે થયેલ તેની મને ખબર નથી.આરોપી સામે પ્રોહિ નો ગુન્હો તા.૧૦/૧૦/૨૦૨૩ દાખલ કરેલો.એ વાત ખરી છે કે, આ તારીખે હુ ફરજ પર હાજર હતો.એ વાત ખરી નથી કે, તારીખ–૧૦/૧૦/૨૦૨૩ ના રોજ આરોપી સામે ગુન્હો દાખલ થયેલ નથી.આરોપી સામે પ્રોહિ ના કેસ અંગેની પ્રક્રિયા ચાલતી હોય હાલના ગુન્હાના કામે મે આરોપીની અટક કરેલી નહિ તે દિવસે મે આરોપીને જોયેલો નહિ. આ કેસ ની તપાસ મે ખરાડી સાહેબને સોંપ્યા બાદ ફરીવાર તપાસ કરેલ નહિ.

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

**૨૦.૧** આરોપી સામે ધી પોક્સો એક્ટની કલમ–૪,૬ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવ્યું છે ત્યારે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની (બાળક) હતી તે હકીકત મહત્વની બને છે તે સંજોગોમાં સૌપ્રથમ ફરિયાદ પક્ષે આ હકીકત પુરવાર કરવાની જરુરીયાત છે.

**૨૦.૨** ભોગ બનનારની ઉંમર નક્કી કરવા અંગેના કાયદાકીય પ્રબંધો જોવામાં આવે તો તે આ મુજબ છે. ધી પોક્સો એક્ટની કલમ–૨(ડી) માં બાળકની વ્યાખ્યા આપવામાં આવી છે જે નીચે મુજબ છે.

**કલમ–૨(ડી) –** બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પુરી ન કરી હોય તેવી કોઈ વ્યકિત.

**૨૦.૩** ધી પોક્સો એક્ટની કલમ–૩૪ ની જોગવાઈ પણ આ કામે અહીં ટાંકવી મહત્વની બની જાય છે જે નીચે મુજબ છે.

**કલમ–૩૪(૨)** – ખાસ અદાલત સમક્ષ કોઈ કાર્યવાહીમાં આ સંબંધમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય કે કોઈ વ્યકિત બાળક કે કેમ? ત્યારે ખાસ અદાલત આવા વ્યકિતની ઉંમર વિશે પોતે નક્કી કર્યા પછી આવા પ્રશ્નનું અનુમાન કરવામાં આવશે, અને તે આવા અનુમાન માટેના કારણોની લેખીતમાં નોંધ કરશે.

**૨૦.૪** નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો **૨૦૧૫(૭) એસ.સી.સી., પેજ નં.૭૭૩ (સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરુધ્ધ અનુપસીંઘ)**નો વંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું અવલોકન કરેલ છે કે બળાત્કારના કેસમાં ભોગ બનનારની ઉંમર નિર્ણીત કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) રુલ્સ–૨૦૦૭ ના નિયમ–૧૨(૩) ધ્યાને લેવાની રહે છે.

જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ–૨૦૧૫ અમલમાં આવેલો છે અને તે સંજોગોમાં તેની કલમ–૯૪ ને પણ વંચાણે લેવાની રહે છે.

**૨૦.૫** જુવેનાઈલ જસ્ટીસ એક્ટની કલમ–૯૪ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૯૪. ઉંમરનું અનુમાન અને નક્કી કરવું.**

(૧) જ્યાં સમિતિ અથવા બોર્ડ સમક્ષ આ અધિનિયમની કોઈપણ જોગવાઈ(સિવાય કે પુરાવો આપવાના હેતુ માટે) હેઠળ રજુ કરવામાં આવેલ વ્યકિતના દેખાવના આધારે, તેઓને ચોક્કસ લાગે કે સદર વ્યકિત એક બાળક છે, તો સમિતિ અથવા બોર્ડે બાળકની ઉંમર જેટલી નજીકની જણાય તેટલી દર્શાવીને તેવા અવલોકનો નોંધવાના રહેશે અને ઉંમરની વધુ ખાત્રી કર્યા સિવાય કલમ–૧૪ અથવા કલમ–૩૬ જે લાગુ પડતું હોય તે હેઠળ તપાસ હાથ ધરવાની રહેશે.

(૨) સમિતિ અથવા બોર્ડ પાસે, તેઓ સમક્ષ રજુ કરવામાં આવેલ વ્યકિત, બાળક છે કે નથી તે અંગે શંકા માટે વાજબી કારણો હોય તેવા કિસ્સામાં, સમિતિ અથવા બોર્ડ, જે લાગુ પડતું હોય તેઓએ નીચે મુજબના પુરાવાઓ મેળવી ઉંમર નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧) શાળામાંથી જન્મના પ્રમાણપત્રની તારીખ અથવા સંબંધીત પરીક્ષા બોર્ડ પાસેથી મેટ્રિક્યુલેશન અથવા તે સમાન પ્રમાણપત્ર, જો ઉપલબ્ધ હોય તો અને તેની ગેરહાજરીમાં,

(૨) કોર્પોરેશન અથવા મ્યુનિસિપલ સત્તાધિકારી અથવા પંચાયત ધ્વાર આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર.

(૩) ઉપરોક્ત (૧) અને (૨) ની ગેરહાજરીમાં જ, સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ કરવામાં આવેલ ઑસિફિકેશન ટેસ્ટ અથવા અન્ય કોઈ તાજેતરનું તબીબી ઉંમર ચકાસણી પરીક્ષાના આધારે નક્કી કરવાની રહેશે.

એ શરત છે કે,સમિતિ અથવા બોર્ડના હુકમ મુજબ ઉંમર નક્કી કરવાની પરીક્ષા તેવા હુકમથી પંદર દિવસની અંદર પૂર્ણ કરવાની રહેશે.

(૪) સમિતિ અથવા બોર્ડ સમક્ષ રજુ કરવામાં આવેલ, વ્યકિતની તેઓ ધ્વારા નોંધવામાં આવેલ ઉંમરને, આ અધિનિયમના હેતુ માટે, તે વ્યકિતની ઉંમર તરીકે ગણવાની રહેશે.

આમ, ઉપરોક્ત જોગવાઈને જોતા પ્રથમ શાળાનું જન્મનું પ્રમાણપત્ર અથવા તો મેટ્રીક્યુલેશન તથા તેની સમકક્ષ સર્ટીફિકેટ જો ઉપલબ્ધ હોય તો તે ધ્યાને લેવાનું રહે છે અને સ્કુલનું જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીક્યુલેશન સર્ટીફિકેટ કે તેની સમકક્ષ સર્ટીફિકેટ ઉપલબ્ધ ન હોય તો, કોર્પોરેશન કે મ્યુનિસિપલ ઓથોરીટી કે પંચાયત ધ્વારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર હોય તો તે ધ્યાને લેવાનું રહે છે પરંતુ ક્લોઝ (iii) મુજબ ક્લોઝ (i) અને ક્લોઝ (ii) માં દર્શાવેલા દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ઓસીફિકેશન ટેસ્ટ કે મેડીકલ તપાસથી ઉંમર નક્કી કરવાની રહે છે.

**૨૦.૬** આ બનાવની ફરિયાદ ભોગ બનનારના ભાઇએ તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ બોટાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં આપેલી છે જેમાં તેઓએ ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૧૦ માસની હોવાનું લખાવેલું છે. ફરિયાદીએ સાહેદ નં.૨ તરીકે સોગંદ ઉપર જુબાની આપી છે. જેમાં તેઓએ જણાવેલું છે કે, ભોગ બનનારની જન્મ તા.૧૨/૧૧/૨૦૦૫ ની છે જેનો જન્મનો દાખલો મે પોલીસમાં રજુ કરેલો. સાહેદ નં. ૪ની જુબાની દરમ્યાન ભોગ બનનારનો જન્મનો દાખલો આંક-૧૮ થી રજુ કરેલ છે. આંક-૧૮ વાળું જન્મનું પ્રમાણપત્ર વંચાણે લેવામાં આવે તો જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર, રોહીશાળા ગ્રામ પંચાયત, તા.જી. બોટાદનાઓ તરફથી આપવામાં આવેલ છે તે અસલ પ્રમાણપત્ર છે. ભારતીય પુરાવા ધારાની કલમ-૭૪ ની જોગવાઈ મુજબ આ દસ્તાવેજ જાહેર દસ્તાવેજ છે, જેને વંચાણે લઈ શકાય છે. તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ-૩૫ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

> **કલમ-૩૫ :-** કોઈ જાહેર કે બીજા સરકારી ચોપડા, રજીસ્ટર કે રેકર્ડ અથવા ઈલેકટ્રોનીક રેકર્ડમાં વાદગ્રસ્ત અથવા પ્રસ્તુત હકીકત દર્શાવતી અને કોઈ રાજયના કર્મચારીએ પોતાના હોદ્ધાની ફરજ અદા કરતી વખતે કરેલી અથવા જે દેશમાં એવા ચોપડા, રજીસ્ટર કે રેકર્ડ અથવા ઈલેકટ્રોનીક રેકર્ડઝ રાખવામાં આવતું હોય તેના કાયદાથી ખાસ કરીને ફરમાવેલી ફરજનું પાલન કરતા કોઈ વ્યકિતએ કરેલ નોંધ ખુદ પ્રસ્તુત હકીકત છે.

**૨૦.૭** આંક-૧૮ વાળું જન્મનું પ્રમાણ પત્ર વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૨/૧૧/૨૦૦૫ ની છે. તેમજ તેણીના જન્મની નોંધ તા.૧૨/૧૧/૨૦૦૫ એટલે કે જન્મના દિવસે જ કરવામાં આવેલ હોવાનું મળી આવે છે. ફરિયાદ પક્ષના સાહેદ નં. ૧ તરીકે ભોગ બનનારે જુબાની આપેલ છે તેમાં તેણીએ જણાવેલ છે કે હું ધોરણ-૧૦ સુધી ભણેલી છું. મારી જન્મ તા.૧૨/૧૧/૨૦૦૫ ની છે. આમ, ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ભોગ બનનારની જન્મ તારીખ તા.૧૨/૧૧/૨૦૦૫ ની હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. ફરિયાદીએ તેઓની આંક-૧૪ ની ફરિયાદમાં

જણાવ્યા મુજબ આ બનાવ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ બનેલો છે. ફરિયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ બનેલો તેવું જણાવ્યું છે. ફરિયાદ પક્ષના સાહેદ નં. ૧૦ પ્રભુભાઇ રામજીભાઇ મેટાલીયા કે જેઓ બનાવ સમયે પી.આઈ. બોટાદ રૂરલ તરીકે ફરજ બજાવતા હતા તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે ફરિયાદીએ ભોગ બનનારની છેડતી બાબતની ફરિયાદ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ અમારી રૂબરૂ આપેલી. આમ, આ બનાવની ફરિયાદ તા.૧૦/૧૦/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલી છે તેમજ ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલનો આક્ષેપીત બનાવ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ બનેલો જેને ભોગ બનનારની જન્મ તારીખની સાપેક્ષમાં જોવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૭ વર્ષ ૧૦ માસની હોવાનું એટલે કે ધી પોકસો એકટની કલમ–૨(ડી) ની જોગવાઈ મુજબ બનાવ સમયે ભોગ બનનાર બાળક હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે જેથી **મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ ની ચર્ચા :–</u>**

**૨૧.૧** ફરિયાદ પક્ષના કેસની હકીકતો મુજબ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ ફરિયાદીના મમ્મીએ ફરિયાદીને ફોન કરીને જણાવેલ કે, આપડી શેરીમાં રહેતો ભાવેશભાઇ પ્રવીણભાઇ હેડમ્ભાનાઓએ તારી બહેન ભોગ બનનારની છેડતી કરેલ છે. ભોગ બનનારે તેણીની જુબાનીમાં જણાવ્યા મુજબ ભોગ બનનાર આંગણવાડીમાં ૧૧:૦૦–૩૦ વાગ્યે છોકરાઓને બોલાવવા માટે તેમના વાસમાં આવડ મંદીર બાજુ જતી હતી ત્યારે શીકોતરમાના મઢ પાસે પહોંચેલી ત્યારે આ કામનો આરોપી ભોગ બનનારની પાછળ પાછળ આવેલો અને કહેલુ કે સાંકડી શેરીમાં આવ તેમ કહી છેડતી કરેલી. આમ, ફરિયાદ પક્ષના ઉપરોકત આક્ષેપ મુજબ આરોપીએ ભોગ બનનારનો પીછો કરી તેણીની સામે અભદ્ર ઇશારો કરી, તેણીની છેડતી કરેલી છે.

**૨૧.૨** ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા પહેલા આરોપી સામેના આક્ષેપીત ગુનામાં એટલે કે જાતિય હુમલો/બળાત્કારના કિસ્સામાં પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું જોઈએ તે

સંબંધેના નક્કી કરવામાં આવેલ નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતોને લક્ષમાં લેવાની જરૂરીયાત છે.

**(૧) ૨૦૦૩(૫) એસ.સી.સી.–૭૬૬ (સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરૂધ્ધ આશારામ)**ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલું છે કે, "આવા પ્રકારના ગુનાઓમાં માત્ર ભોગ બનનારના પુરાવાના આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય છે સિવાય કે અન્ય પુરાવાનું સમર્થન મેળવવા માટે વિશિષ્ટ સંજોગો હોય. ભોગ બનનારનો પુરાવો તે ઈજા પામનાર સાહેદ કરતા પણ વિશેષ મહત્વનો અને આધારભૂત છે. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર હોય તો તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય છે.

**(૨) ૨૦૦૮(૩) જી.એલ.એચ. પેજ નં.૭૫૬, રામસુહાની રામસુભગ બચ્ચુ સિંહાની મારીયા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત)**ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું પ્રસ્થાપિત કરેલ છે કે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોય તો તેવા સંજોગોમાં તેણીની સંમતિ અસ્થાને રહે છે.

**૨૧.૩** ધી પોકસો એકટની કલમ–૨૯, ૩૦ ની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**કલમ–૨૯ નિશ્ચિત ગુનાઓનુ અનુમાન :–** જયારે કોઈ વ્યક્તિ, આ અધિનિયમની કલમ–૩, ૫, ૭ અને કલમ–૯ અન્વયેના કોઈપણ ગુનો કરવાનો અથવા મદદ કરવાનો અથવા પ્રયત્ન કરવાની કાનૂની કાર્યવાહી વિશેષ અદાલત, કિસ્સાનુસાર જે કેસની તકરારને સાબીત ન કરે ત્યાં સુધી અન્યથા, આવી વ્યક્તિએ ગુનો કર્યો અથવા મદદગારી કરી અથવા પ્રયત્ન કર્યો છે, એવું અનુમાન કરશે.

**કલમ–૩૦ – દોષીની માનસિક સ્થિતિ અંગે અનુમાન :–**

(૧) આ અધિનિયમ અન્વયેના કોઈપણ ગુના માટેની કોઈપણ કાનૂની કાર્યવાહી કે જે આરોપીના તરફથી દોષપાત્ર માનસિક સ્થિતિ માટે આવશ્યક હોય, ત્યાં વિશેષ અદાલત અસ્તિત્વ ધરાવતી આવી માનસિક સ્થિતિ અંગે અનુમાન કરશે પરંતુ, આરોપીને પોતાના બચાવમાં એ હકીકત સાબિત કરવી પડશે કે તેની માનસિક સ્થિતિ સાથે તહોમત મુકવામાં આવેલ ગુના કે જેની કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે, તેની સાથે કોઈ સંબંધ નથી.

(૨) આ કલમના ઉદ્દેશસર, હકીકત ત્યારે જ સાબીત થયેલી ગણાશે કે જયારે વિશેષ અદાલતને એમ માનવાને લાગે કે અસ્તિત્વ એ વાજબી શંકાની પેલે પાર છે અને માત્ર તેનું હોવાનું પ્રસ્થાપિત માત્ર પ્રભાવની શકયતા નથી.

**૨૧.૪** ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતો તેમજ ધી પોકસો એકટની કલમ-૨૯ તથા ૩૦ ની જોગવાઈને લક્ષમાં લેતા આવા પ્રકારના ગુનાઓમાં ભોગ બનનારનો પુરાવો અગત્યનો છે. ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને ભરોસાપાત્ર જણાતો હોય તો એકમાત્ર તેઓના પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને કસૂરવાર ઠરાવી શકાય તેમ છે તેમજ ફરિયાદ પક્ષ બનાવ બન્યાની આધારભૂત હકીકતો પ્રસ્થાપિત કરવામાં સફળ થાય તો આ અધિનિયમની કલમ-૨૯ મુજબ આરોપીની વિરૂધ્ધનું અનુમાન કરવાનું રહે છે અને તેનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે. આ મુજબની કાયદાકીય જોગવાઈને લક્ષમાં લઈ ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**૨૧.૫** હાલના કામે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦** ની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**<u>કલમ-૩૫૪ – કોઈ સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવા અથવા ગુનાહિત બળ વાપરવા બાબતઃ-</u>**

**<u>કલમ-૩૫૪ (એ) જાતિય સતામણી અને જાતિય સતામણીની શિક્ષા-</u>**

(૧) પુરૂષ નીચેના કોઈપણ કૃત્ય કરશે.-

(i) ... ... ...
(ii) ... ... ...
(iii) ... ... ...
(iv) જાતિય રંગે રંગાયેલી ટીપ્પણીઓ કરવી,

તો જાતિય સતામણીના ગુના માટે દોષિત ગણાશે.

**<u>કલમ-૩૫૪(ડી) પીછો કરવો :-</u>**

(૧) જે કોઈ વ્યકિત મહીલાની પાછળ જાય અને સંપર્ક કરે અથવા તે મહીલા ધ્વારા રસ ન હોવાના સ્પષ્ટ સંકેત છતાં વારંવાર વ્યક્તિગત વાતચીત કરવા માટે સંપર્ક કરવાનો પ્રયાસ કરે છે, અથવા

(૨) … … …

પીછો કરવાનો ગુનો કરે છે.

**૨૧.૬** હાલ **જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨** ની નીચે મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**<u>કલમ–૧૧ જાતિય સતામણી અને તેની શિક્ષા:–</u>**

**<u>કલમ–૧૧(૪) :–</u>** જે કોઈ વ્યકિત જાતિય ઈરાદાથી કોઈ બાળકને સીધી રીતે અથવા ઈલેકટ્રોનીક, આંકડાકીય અથવા અન્ય સાધનો દ્વારા વારંવાર સતત પીછો કરે અથવા જુએ અથવા સંપર્ક કરે તે બાળક ઉપર જાતિય સતામણી કરે છે તેવુ કહેવામાં આવશે.

**<u>કલમ–૧૨ જાતિય સતામણી માટેની સજાઃ–</u>**

જે કોઈ બાળક ઉપર જાતિય સતામણી કરશે, તેને ૦૩ વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

આમ, સદરહુ કલમો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે ઉપરોક્ત કલમો મુજબનો ગુનો દાખલ કરવા તેમના તત્વો સંતોષવા જોઈએ તો જ આરોપીને ઉપરોક્ત કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

**<u>પુરાવાનું વિષ્લેષણ, પૃથ્થકરણ અને મુલ્યાંકન:–</u>**

**૨૨.૧** ઉપરોકત કાયદાની જોગવાઈઓ, પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા ફરિયાદપક્ષે રજુ કરેલ તમામ પુરાવાઓનું વિષ્લેષ્ણ, પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદપક્ષે એવી હકીકત પુરવાર કરવાની થાય કે, સગીર વયની ભોગબનનારને આરોપીએ તેણીની પાછળ પીછો કરી, તેણીની સામે અભદ્ર ઈશારો કરી, તેણીની સાથે છેડતી કરેલ છે અને આવું કૃત્ય કલમના આવશ્યક તત્વો મુજબ જાતીય સતામણી માટેનું અને જાતીય ઈરાદા સાથે કરવામાં આવેલ હતું. આ કામે ભોગ બનનારને ફરિયાદપક્ષે આંક–૯ થી તપાસેલ છે. તેઓએ તેમની સરતપાસમાં બનાવ અંગેની હકીકત જણાવેલ છે અને બનાવ ૧૧.૦૦ થી ૧૧.૩૦ વચ્ચે શિકોતરમાંના મઢ પાસે બનેલ હોવાનું અને આરોપી ગટ્ટી જેનુ નામ ભાવેશ છે તે તેની પાછળ પાછળ આવેલો અને કહેલ કે સાંકડી શેરીમાં આવ અને ત્યાંથી ભોગ બનનારે ઘરે જઈ

તેમની માતાને આ વાત કરેલી હોવાનું જણાવેલ છે. ભોગ બનનાર બનાવવાળી જગ્યાએથી આંગણવાડી માટે છોકરા બોલાવવા ગયેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં, ભોગ બનનાર એવી હકીકત જણાવે છે કે, આરોપી એક કલાક બાદ આંગણવાડી આવેલો અને તેમની માતાને ધમકી આપેલી અને કહેલ કે તમારાથી થાય તે કરી લેજો. ઉપરોકત પુરાવા અંગે બચાવપક્ષ જે હકીકત રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ છે તે જોવામાં આવે તો ભોગ બનનાર પોતે આંગણવાડીમાં નોકરી કે કામ કરતા હોય તેવુ ફલીત થતુ નથી અને તે પોતાની માતાની જગ્યાએ બાળકો લેવા અને લઈ જવાનું કામ કરે છે. વધુમાં, ભોગ બનનાર એવી હકીકત જણાવે છે કે, આ બનાવની ફરિયાદ તા. ૧૦.૧૦.૨૦૨૩ના રોજ આપેલી. જયારે રેકર્ડ જોતા ફરિયાદ તા. ૯.૧૦.૨૦૨૩ ના રોજ લેવામાં આવેલ છે. વધુમાં, તેઓની ઉલટ તપાસમાં તેઓએ નિવેદનમાં ન લખાવેલ હોય તેવી પણ હકીકત સરતપાસમાં જણાવેલ હોવાનું કબુલ કરે છે. ‘‘એ વાત ખરી છે કે, મે મારી પોલીસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, મારા માતાએ ગામમા મારા કાકાને ફોન કરેલો. એ વાત ખરી છે કે, મે મારી પોલીસ રુબરુના નિવેદનમા એવી હકીકત લખાવેલ નથી કે, આરોપીએ આ અગાઉ મારા પિતાને માર મારેલ છે અને અમારા ઘરે રાત્રે આવીને ઠેકડો મારેલો બે દિવસ પહેલા પણ સામાધાન માટે મારા પિતાને ધમકી આપેલ’’. વધુમાં, ભોગ બનનાર એવી હકીકત જણાવે છે કે, તેમણે વાત તેમની માતાને ઘરે જઈને કરેલી હતી. જયારે ઉલટ તપાસમાં એવી હકીકત જણાવે છે કે, તેમની માતા આંગણવાડીમાં હતા. વધુમાં, ઉલટ તપાસમાં એવી હકીકત પણ ભોગ બનનારે કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યાના રસ્તામાં લોકોની અવર જવર રહેતી હોય છે અને ત્યાં દસ થી પંદર મકાનો છેક સુધી આવેલા છે. તે સંજોગોમાં ભોગ બનનારે ત્યાં આજુબાજુ રહેતા લોકોને આ વાત કયા કારણસર કરેલ ન હતી કે ત્યાં રહેતા લોકોએ આ બનાવ કેમ જોયેલ ન હતો તે હકીકત શંકા ઉપજાવે છે અને તે બાબતે ફરિયાદપક્ષે કોઈ ખુલાસો કરેલ નથી કે બનાવવાળી જગ્યાના કોઈ સાહેદને આ કામે તપાસેલ નથી. વધુમાં, આરોપીને ભોગ બનનાર ઘણા વર્ષોથી ઓળખે છે અને તે તેમના ઘરે જ રહી તેમના ઘરે કામ કરતો હતો તેવી હકીકત જણાવે છે. વધુમાં, કબુલ કરે છે કે

તેમની સાથે ઝઘડો થતાં તેમના ઘરે આવવાનું બંધ કરી દીધેલ અને તેથી ફરિયાદો થયેલી. સદર હકીકત ધ્યાને લેતાં એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, આરોપી તથા ભોગ બનનારના પરીવારો વચ્ચે અગાઉથી રાગદ્વેષ ચાલ્યો આવે છે. વધુમાં, એવી હકીકત પણ કબુલ કરેલ છે કે, તેમના પિતા દારૂ વેચવાનો ધંધો કરતા હતા અને તેમની સામે ફરિયાદ થયેલી. પરંતુ, એ હકીકતની તેઓને ખબર નથી કે આરોપી તેના પિતાના કેસમાં બાતમીદાર તરીકે હતો તેવુ તેમના ભાઈએ જણાવેલુ. આ હકીકત જોતા પણ એવુ માનવાને કારણ રહે છે કે, બંને પક્ષકારો વચ્ચે અગાઉથી કોઈક અણબનાવ ચાલ્યો આવે છે. વધુમાં, જે બાળકોને આંગણવાડીમાં લેવા જવાનું ભોગ બનનાર જણાવે છે તેવા કોઈ બાળકને ભોગ બનનાર બનાવ બાદ લેવા ગયેલ કે કોઈ અન્ય વ્યકિત તે બાળકોને આંગણવાડીમાં લેવા આવેલા તેવી કોઈ હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમાં, આ કામે આંક-૧૦ થી ભોગ બનનારનું સી.આર.પી.સી.ની કલમ-૧૬૪ મુજબનું નિવેદન રજુ થયેલ છે તેમાં તેઓ બનાવ બાદ આંગણવાડી જતા રહેલ અને તેની મમ્મીને વાત કરેલ તેવી હકીકત જણાવે છે. પરંતુ, આ કામે તેઓ પોતાની જુબાનીમાં ઘરે જઈને વાત કરેલ હોવાની હકીકત જણાવે છે તે જોતાં ચોકકસ વાત કઈ જગ્યાએ કરેલ છે તે બાબતે વિસંગતતા અને વિરોધાભાસી હકીકત ભોગ બનનારના પુરાવામાં રેકર્ડ પર આવે છે. તેથી, ખરેખર ભોગ બનનાર બનાવ સ્થળે ગયેલ અને આ બનાવ બનેલ કે કેમ તે પણ શંકાસ્પદ બનેલ છે. એક તબકકે એવુ માની લેવામાં આવે કે આરોપીએ ભોગ બનનારની છેડતી કરેલ છે તો પણ ફરિયાદપક્ષ આરોપીનો શું ઈરાદો હતો અને આ પ્રકારના કૃત્ય 'સેકસયુઅલ હેરસમેન્ટ' માટે કરવામાં આવેલુ અને તે વારંવાર તથા સતત થયેલ હતુ તેવી કોઈ હકીકત ભોગ બનનારની જુબાની પરથી ફરિયાદપક્ષ રેકર્ડ પર લાવવામાં નિષ્ફળ ગયેલ છે. તે જોતાં કાયદાની કલમના તત્વો રેકર્ડ પર આવેલ નથી. તેથી, જયારે પુરાવામાં શંકા ઉભી થતી હોય અને આવશ્યક તત્વો જો પુરવાર ન થતા હોય તેવા પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**૨૨.૨** આ કામે ભોગ બનનારના ભાઈ કે જેઓ ફરિયાદી છે તેઓને આંક-૧૩થી તપાસવામાં આવેલ તેઓ તેમના પુરાવામાં બનાવ ૯.૦૦ વાગે

બનેલ હોવાનું જણાવે છે જયારે ભોગ બનનાર બનાવ ૧૧.૦૦ થી ૧૧.૩૦ વચ્ચે બનેલો તેવુ જણાવે છે. ફરિયાદી બનાવ સાંકડી શેરીમાં બનેલો તેટલી જ હકીકત જણાવે છે. પરંતુ, ચોકકસ બનાવ સ્થળ અંગે કાંઈ આજુબાજુ ત્યાં શું આવેલુ છે તે બાબતે કોઈ હકીકત જણાવતા નથી. તેઓના પુરાવામાં તેની માતાનો પગ ભાંગી ગયેલ હોય તેઓ ઘરે હતા તેવી હકીકત રેકર્ડ પર આવેલ છે. આમ, બનાવ સમય અને ચોકકસ સ્થળ બાબતે ફરિયાદીની જુબાનીમાં વિસંગતતા રહેલી છે. વધુમાં, ફરિયાદી ભાવનગર ખાતે રહે છે અને તેને બનાવની જાણ વાતોવાતથી મળેલી હોય તેઓએ બનાવ નજરે જોયેલ નથી. તેથી, તેઓ કર્ણોપકર્ણ સાહેદ હોવાનું જણાય છે અને તેનું પુરાવાના કાયદામાં કોઈ વિશેષ મહત્વ નથી. વધુમાં, તેઓના પુરાવામાં એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, બનાવ તા. ૦૭.૧૦.૨૦૨૩ના રોજ બનેલો અને ફરિયાદ તા. ૦૯.૧૦.૨૦૨૩ ના રોજ આપેલી. ફરિયાદ બે દિવસ મોડી આપવા બાબતે ફરિયાદીએ કોઈ ખુલાસો કરેલ નથી. તેઓએ છેડતીના બનાવ અંગે ફરિયાદ મોડી આપવાનું શું કારણ હતુ તે પણ રેકર્ડ પર આવેલ નથી. આ કામે વિલંબથી આપેલ ફરિયાદ માટે **ભૈયામીયા ઉર્ફે જારદાર ખાન વિ. મધ્યપ્રદેશ રાજય (એ.આઈ.આર. ૨૦૧૧ સુપ્રિમકોર્ટ ૨૨૧૮)** નો ચુકાદો ધ્યાને લેતાં, સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ફરિયાદ ૬૦ કલાક વિલંબથી આપવા પાછળનો કોઈ સંતોષકારક ખુલાસો ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલો. આમ, હાલના કામે જોવામાં આવે તો ફરિયાદ બે દિવસના વિલંબથી દાખલ કરવામાં આવેલ છે. વધુમાં સાગા સબંધીઓ સાથે જઈને ફરિયાદ આપેલ છે, એટલે કે, આફટર થોટ ફરિયાદ હોવાની હકીકત પણ નકારી શકાય નહી. જેથી ફરિયાદ શંકાસ્પદ બની જાય છે. તેઓએ એ હકીકત પણ કબુલ કરી છે કે, ભોગ બનનાર આંગણવાડીમાં નોકરી કરતા નથી. આમ, ફરિયાદીના રજુ પુરાવાથી ફરિયાદીએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓએ વાતોવાતથી સાંભળેલ હોય ભોગ બનનારના પુરાવાને યોગ્ય સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**૨૨.૩** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૫ થી ભોગ બનનારની માતાને તપાસેલ છે. તેઓ આંગણવાડી કેન્દ્ર–૪ ખાતે નોકરી કરતા હતા અને

તેઓનો પગ ભાંગી ગયેલ હોય તેઓ ઘરે હતા. ભોગ બનનાર બાળકોને લેવા મુકવા જતી હતી. બનાવની વાત ભોગ બનનારે તેમને ઘરે આવીને કરેલી. તેઓએ આરોપી તથા બનાવ બાબતે ગામમાં વાત કરેલી જેથી, તેઓને જાણવા મળેલ કે આરોપી ગામમાં નથી. હવે જયારે ભોગ બનનારની માતા એવી હકીકત જણાવતા હોય કે તેમણે બનાવની વાત ગામમાં કરેલી તો તેવા કોઇ સાહેદોને આ કામે ફરિયાદપક્ષે તપાસેલ નથી. વધુમાં, સાહેદ એવી હકીકત જણાવે છે કે, આરોપીએ અગાઉ પણ ચારેક વખત આવુ કરેલુ જે મે જતુ કરેલુ. પરંતુ, તે બાબતે કોઇ ફરિયાદ અગાઉ કરેલ હોય તેવી કોઇ હકીકત સાહેદ જણાવતા નથી. અગાઉ કોઇ બનાવ ભોગ બનનાર સાથે બનેલ હોય તો ભોગ બનનાર પોતાના પુરાવામાં એવા બનાવ બાબતે મૌન રહેલ છે. તેથી, અગાઉના બનાવ બાબતે પણ શંકા ઉપસ્થિત થાય છે. આ સાહેદે પણ બનાવ નજરે જોયેલ નથી. હવે આ સાહેદ એવી હકીકત જણાવે છે કે, તેમને પગમાં ફ્રેકચર થયેલ હોય તેઓ ઘરે હતા તો ભોગ બનનારે જે હકીકત જણાવી છે કે, આરોપીએ આંગણવાડીમાં જઇને તેની મમ્મીને જે થાય તે કરી લેજો તેવી ધમકી આપેલ હતી તે હકીકત પણ આ સાહેદનો પુરાવો જોતાં શંકા ઉપજાવે છે કારણ કે, ભોગ બનનારની માતા બેડ રેસ્ટ પર હતા અને તેઓ આંગણવાડી જતા ન હોય આરોપી કઇ રીતે તેને આંગણવાડીમાં જઇને ધમકી આપી શકે ? તેથી, ફરિયાદપક્ષે તપાસેલ આ ત્રણેય સાહેદોના પુરાવામાં એકસુત્રતા જળવાઇ રહેતી નથી અને છેડતીનો બનાવ બનેલ હોવાનું માની લેવામાં આવે તો પણ ઉપર ચર્ચા કર્યા મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ–૧૧(૪), ૧૨ મુજબની કોઇ હકીકત જેવી કે આરોપી આ પ્રકારનું કૃત્ય વારંવાર કરતો હોય તેવુ પુરવાર થતુ નથી અને જે બનાવ ભોગ બનનાર જણાવે છે તે બનાવ જાહેર રસ્તા ઉપર બનેલ હોય ત્યારે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોને આ કામે ફરિયાદપક્ષે બનાવની હકીકત પુરવાર કરવા સારૂં તપાસેલ નથી કે બનાવને સમર્થન મળે તેવો કોઇ સ્વતંત્ર પુરાવો ભોગ બનનાર તથા તેના પરીવાર સિવાય રેકર્ડ પર રજુ કરેલ નથી.

**૨૨.૪** આ કામે ફરિયાદપક્ષે આંક–૨૦ થી બનાવવાળી જગ્યાના પંચ સાહેદ નં.૫ બુધાભાઇ બચુભાઇ રાઠોડને તથા આંક–૨૭ થી પંચ સાહેદ નં. ૮ દીલીપભાઇ જીવરાજભાઇ વઘાસીયાને તપાસેલ છે. તેઓએ આંક–૨૧ થી પંચનામામાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે, પરંતુ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી. આ કામે આંક–૨૨ થી આરોપીને અટક કરવાના પંચનામાના પંચ સાહેદ નં. ૬ કલ્પેશભાઇ રાજુભાઇ ચૌહાણને તપાસેલ છે. તેઓ ફરિયાદીના મિત્ર થાય છે અને તેઓના મિત્ર એટલે કે ફરિયાદીના કહેવાથી સહી કરેલ છે. વધુમાં જણાવે છે કે, તેઓ પો.સ્ટે ગયેલ ત્યારે પોલીસ અને ભોગબનનારના ભાઈ મી.. હાજર હતા તેઓએ પંચનામુ તૈયાર કરેલુ હતુ અને તેમણે તેમા તેમા સહી કરેલી. સદર પંચ સાહેદ એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેમની રુબરુમા કોઈ આરોપીની અટક કરવામા આવેલ નથી. તે જોતાં આ પંચ સાહેદ વિશ્વનીય સાહેદ નથી. આ કામે આંક–૨૮ થી આરોપીને અટક કરવાના પંચ સાહેદને તપાસેલ છે અને તેઓએ આંક–૨૩ થી પંચનામાની સહી સીવાય અન્ય કોઇ હકીકત જણાવેલ નથી. આમ, સદરહું પંચ સાહેદોએ પંચનાાની કોઇ સ્પષ્ટ હકીકત જણાવેલ ન હોય ત્યારે તેવુ પંચનામુ ફરિયાદપક્ષને મદદરૂપ થતું નથી. આમ, ફરિયાદપક્ષે પંચો થકી પંચનામાં પણ યોગ્ય રીતે પુરવાર કરેલ નથી.

**૨૨.૫** આ કામે આંક–૨૪ થી તપાસ કરનાર અધિકારી શૈરીન રમેશભાઇ ખરાડીને તથા આંક–૨૯ થી પો.ઈન્સ. પી.આર.મેટલીયાને તપાસેલ છે તેઓએ તેમણે કરેલ કામગીરી બાબતનો પુરાવો આપેલ છે. જયારે ઉલટ તપાસમાં ફરિયાદ ૦૩ દિવસ મોડી છે અને કારણ જણાવેલ નથી તેવું સ્વીકારેલ છે. સ્વતંત્ર સાહેદોના નિવદેનો લીધેલ નથી અને ફરિયાદ કરવા ફરિયાદીના સગાઓ સાથે આવેલ તથા પંચનામા પણ યોગ્ય રીતે થયેલ નથી તેવી હકીકતો રેકર્ડ પર આવેલ છે.

**૨૩.** આમ, ફરિયાદપક્ષ તરફે આરોપીને ગુનામાં સાંકળતો હોય તેવો સમર્થનકારી પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદપક્ષના મહત્વના સાહેદો, ફરિયાદી, ભોગ બનનારની માતા તથા ભોગબનનારની જુબાની તથા કલમ–૧૬૪ નું નિવેદન તથા અન્ય સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ બનતો

નથી. વધુમાં, આ કામે પંચોએ સમર્થન કરેલ નથી અને પોલીસ સાહેદોના પુરાવાઓને ધ્યાને લેતાં તેઓએ પોતાની ફરજ દરમ્યાનની કામગીરી કરેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ મહત્વના સાહેદો એવા ફરિયાદી, ભોગબનનારની માતા તથા ભોગ બનનાર તથા અન્ય સાહેદોના પુરાવામાં વિરોધાભાષો વિસંગતતાઓ રહેલ હોય અને પુરાવામાં બનાવ બાબતે તથા આરોપીની સંડોવણી બાબતે ચોકકસ હકીકત આવેલ ન હોય, સદરહુ સાહેદોનો પુરાવો પણ ગૌણ બની રહે છે.

**૨૩.૧** સદર કામે વળતર અંગે નીચે મુજબનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય આવે છે.

**xxxx – અરજદાર વિ. ધી મેમ્બર સેક્રેટરી કર્ણાટક રાજ્યના લીગલ સર્વિસ ઓથોરીટી [૨૦૧૯(૪) ક્રિમી.સી.સી. ૬૩૫]**

સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, વીક્ટીમ કોમ્પન્સેશન સ્કીમના રીલેવન્ટ ક્લોઝીઝ ૬(૩) અને ૭(૧૦) દર્શાવે છે કે, ભોગબનનારે તપાસ દરમ્યાન અને ટ્રાયલ દરમ્યાન ફરિયાદપક્ષને સહકાર આપવો જોઈશે અને પોતાના દ્બારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ ખોટી હોવી જોઈશે જ નહી. સદરહુ હકીકત મુજબ ભોગબનનાર અને તેના પિતા હોસ્ટાઈલ જાહેર થયેલા તેવા સંજોગોમાં વળતરનો હુકમ થઈ શકે નહી તેવું ઠરાવવામાં આવેલું.

**૨૩.૨** આમ, હાલના સંજોગો જોતાં આ કામના મહત્વના એવા ફરિયાદી, ભોગબનનાર કે ભોગ બનનારની માતાનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવમાં ભોગબનનારની પાછળ પીછો કરી, તેણીની સામે અભદ્ર ઈશારો કરી, તેણીની છેડતી કરેલ હોય અને આ કૃત્ય માટે આરોપી જવાબદાર છે કે કેમ? તે બાબતે ફરિયાદીની ફરિયાદ હકીકત તથા ભોગબનનારે જણાવેલ હકીકત અંગે શંકા ઉપસ્થિત થાય છે. આ સંજોગોમાં ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોના આધારે વળતર અંગેનો હુકમ કરવો તે ન્યાયોચિત જણાતું નથી.

**૨૪.** આમ, હાલના કામે ફરિયાદપક્ષે રજુ કરેલો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામના આરોપીએ ગઇ તા. ૦૭–૧૦–૨૦૨૩ ના રોજ આ કામના ફરિયાદીની સગીર બહેન (જન્મ તારીખ ૧૨–૧૧–૨૦૦૫) જે આ કામના ભોગબનનાર છે તેણીને સગીર હોવાનું જાણવા છતાં આ કામના આરોપીએ ભોગ બનનાર આંગણવાડી કેન્દ્ર નં. ૪ ખાતેથી ગામમાં છોકરાઓને બોલાવવા નીકળેલ તે વખતે સતત પીછો કરી, અભદ્ર ઇશારો કરી, ઓલી સાંકડી શેરીમાં ચાલ તેમ કહી છેડતી કરી, ઇ.પી.કો. કલમ–૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો એક્ટની કલમ–૧૧(૪), ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તેવો શંકારહિત પુરાવો રજુ રાખતા નથી. ફોજદારી કાયદાનો સર્વસામાન્ય સિધ્ધાંત છે કે, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ. આમ, ફરિયાદ પક્ષના રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કર્યા મુજબની વિગતે ફરિયાદ પક્ષની કેસની હકીકતો સંબંધે વાજબી શંકા ઉપસ્થિત થાય છે. ફોજદારી કાર્યવાહીમાં વાજબી શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર છે. પ્રસ્તુત કેસમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતો શંકાસ્પદ જણાતી હોય અને કલમોના આવશ્યક તત્વો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય તેનો લાભ આરોપીને મળવાપાત્ર હોય **મુદ્દા નં.૨ નો જવાબ નકારમાં** આપવમાં આવે છે.

**મુદ્દા નં.૩ ની ચર્ચા :–**

**(૨૫)** ઉપરોકત મુદ્દા નં.૧, ૨ માં વિગતે ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

(૧) આ કામના **આરોપી ભાવેશભાઇ ઉર્ફે ગટ્ટી પ્રવિણભાઇ હેરંભા,** રહે. રોહીશાળા પરા વિસ્તાર, તા.જી.બોટાદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪એ(૧)(૪), ૩૫૪ડી(૧)(૧) તથા પોક્સો

એક્ટની કલમ–૧૧(૪), ૧૨ મુજબ શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓના જામીન તથા જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

(૩) આરોપીએ સી.આર.પી.સી. કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– ના જામીન આપવા.

(૪) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમોનુસારની કાર્યવાહી કરી નાશ કરવો.

(૫) આ કામે ભોગ બનનારને કોઈ વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવતો નથી અને જો કોઈ વચગાળાનું વળતર ચુકવવામાં આવેલ હોય તો તે જીલ્લા કાનુની સેવા સત્તામંડળ, બોટાદનાઓએ યોગ્ય તે કાર્યવાહી કરી વસુલ લેવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) ભોગ બનનારની ઓળખ છતી થતી હોય એવા દસ્તાવેજોને રજીસ્ટ્રારશ્રીએ સીલબંધ કવરમાં મુકી રેકર્ડ સાથે રાખવા તથા તેના સ્થાને સુધારેલી નકલ મુકવી.

**હુકમ આજ તા.૦૬ મી માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા.૦૬/૦૮/૨૦૨૬**
**મુ. બોટાદ**

**(દીલીપ પુખરાજ પુરોહિત)**
**બીજા.એડી.સેશન્સ જજ**
**તથા સ્પે. જજ (પોક્સો),**
**તા. જી. બોટાદ.**
**(કોડ નં. જી.જે. ૦૦૯૨૮)**

એચ.એસ.પરમાર